'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'નાં ૬૮ ગ્રંથોમાંથી ઉદ્ધૃત કરેલ
શ્રી નમસ્કાર મહામંત્રની અનુપ્રેક્ષાઓનો સંપૂટ

# પરમ ભદ્રંકર શ્રી નવકાર

## ॥ ૫ ॥




પ. પૂ. પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય
સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય ❊ આચાર્ય હેમપ્રભસૂરિ

પરમ પૂજ્ય સકલાગમરહસ્યવેદી

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય દાનસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કર્મસાહિત્ય નિષ્ણાંત

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કલિકાલકલ્પતરૂ

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય અધ્યાત્મયોગી

**પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય**

॥ श्री शिवंकराय भद्रंकराय नमोनमः ॥

# પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજા



मयि तद्रुपं सोऽहं ।
પરમાત્માનું રૂપ મારામાં છે અને તે જ હું છું.

આગમન : સંવત ૧૯૫૯ ને માગશર સુદ ત્રીજ (ઇ.સ.૧૯૦૨)
ઉર્ધ્વગમન : સવંત ૨૦૩૬ ને વૈશાખ સુદ ચૌદસ (ઇ.સ.૧૯૮૦)

## – नमस्कार महामंत्र –

नमो अरिहंताणं ॥१॥
नमो सिध्धाणं ॥२॥
नमो आयरियाणं ॥३॥
नमो उवज्झायाणं ॥४॥
नमो लोए सव्वसाहूणं ॥५॥
एसो पंच नमुक्कारो ॥६॥
सव्वपावप्पणासणो ॥७॥
मंगलाणं च सव्वेसिं ॥८॥
पढमं हवइ मंगलं ॥९॥

**આ QR Code ઉપર મોબાઈલથી સ્કેન કરતાં જ આપને 'હસ્તાક્ષર થીમ સોંગ' સાંભળવા મળશે.**

'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'નાં ૬૮ ગ્રંથોમાંથી ઉદ્ધૃત કરેલ
શ્રી નમસ્કાર મહામંત્રની અનુપ્રેક્ષાઓનો સંપૂટ

# પરમ ભદ્રંકર શ્રી નવકાર

॥ ૫ ॥

પ. પૂ. પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય
સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય ❋ આચાર્ય હેમપ્રભસૂરિ

**PARAM BHADRANKAR SHRI NAVKAR**

Personal Diaries comprising of Divine thoughts regarding Shri Navkar Mahamantra and experiences of Panyashshri Bhadrankar Vijayji Maharaj.

**VOLUME - 5**

Year 2023 • સંવત્ ૨૦૭૯ • 500 Copies / 124 Pages • For Private Circulation only.

**PUBLISHER**

© Shri Bhadrankar Gyandeepak Public Charitable Trust
Mumbai / Vadodara / Rajkot

team@mindfiesta.com

**SPONSOR**

**ENHANCED & DESIGNED BY**

Bharti Deepak Mehta
Fiesta Studios
Pattani Bldg., M.G.Road, Rajkot - 1.
bharti@mindfiesta.com
+91 98252 15500

**eBOOKS AVAILABLE AT**

- www.bhadrankar.com
- www.navkarday.com
- Amazon Kindle
- Telegram : HastaksharNuAkshayPatra




વર્તમાનમાં શ્રી નમસ્કાર મહામંત્ર સંબંધી ઉત્કૃષ્ટ ભાવોથી ભાવિત ચિંતનોની પરાકાષ્ઠા એટલે પરમારાધ્યપાદ પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્યશ્રી મહારાજ. તેમના અનેક ચિંતનોમાં રહેલ પંચપરમેષ્ઠીચિંતન આપણને આત્મભાવમાં અવશ્ય સ્થિર કરાવી શકશે, તે માટેનો એક નમૂનો: 'અસાર સંસાર દુ:ખમય-પાપમય-સ્વાર્થમય છે, પરંતુ ધર્મ મંગળમય છે' તેવું પ્રથમ જ્ઞાન આપનાર અરિહંતો છે. આત્માની અવિનાશીપણાંનું ભાન સિદ્ધ ભગવંતો કરાવે છે. આચારપાલનની કઠોરતા સિદ્ધ કરવા વડે બીજાઓને આચારસંપન્ન બનાવનાર આચાર્યો છે. વિનયગુણને સ્વયં સિદ્ધ કરી બીજાઓને તે સિદ્ધ કરાવનાર ઉપાધ્યાય ભગવંતો છે. સંસારનો અને કર્મનો બોજો જીવો ઉપર છે, તેને ઉતારવામાં સાધુ સહાય કરે છે. સ્વયં સહન કરે, સાધના કરે અને બીજાને સાધનામાં સહાયક બને છે. સહાય કરવા છતાં 'પોતે સહાયક છે' એમ માનતા નથી પણ અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાયની સેવા કરવામાં જ સ્વજન્મ સાર્થક ગણે છે.

આવા અનુપમ ચિંતનો આપણા સુધી પહોંચાડનારા પરમ ગુરૂભક્ત દાનવીર સુશ્રાવક **સી. કે. મહેતા** તથા ગુરૂભક્તિના તરંગોમાં સતત વસનારા રાજકોટના અમારા સુશ્રાવિકા **ભારતીબેન દિપકભાઈ મહેતા**નો અવિરત શ્રમ અનેકોના આત્મા માટે પરમ વરદાનરૂપ બની રહેશે, તે વાત નિ:શંક છે.

આ. મનમોહનસૂરિ
હેમપ્રભ વિ.

શ્રી શત્રુંજયા આદિનાથાય નમઃ



શ્રી ગીરનારજી નેમીનાથાય નમઃ



શ્રી શંખેશ્વરા પાર્શ્વનાથાય નમઃ





સં - ૨૦૨૭, ચૈત્ર સુદ ૧૩, ગુરુવાર, તા. ૮/૩/૭૧

સ્થળ : શ્રી રાતા મહાવીરજી, જન્મકલ્યાણક દિન

પ્રભુને પકડવાનો માર્ગ એ 'શબ્દ' છે.
નમસ્કાર એ માર્ગ છે, પંચ પરમેષ્ઠિ એ દ્વાર છે
અને સર્વ પાપના પ્રણાશ દ્વારા
સર્વ મંગળમાં પ્રથમ મંગળ (આત્મલાભ) તે સાર છે.

નવકાર દ્વારા પરમાત્માના નામસ્મરણનું ફળ

(૧) સાધક શ્રુતજ્ઞાનનો પારગામી થાય છે.
(૨) તે નષ્ટાદિ - અતીતાદિનો તત્ક્ષણ જ્ઞાતા થાય છે.
(૩) ક્ષુદ્રાદિ રોગોનો નાશ થાય છે. (૪) અનુપમ વસ્તુઓનો લાભ મળે છે. (૫) મહાત્માઓ વડે અતિમાન મળે છે તથા (૬) પરલોકે શુભ ગતિગમન થાય છે.

સ્વરો પરમાત્મવાચક - વ્યંજનો પરમાત્મશક્તિવાચક.
આત્માની જ્ઞાનશક્તિ તે જ માતૃકા અને તે જ કુંડલિની.
તેનું ઉન્મીલન કરનાર વૈખરી આદિ ચાર પ્રકારની વસ્તુઓ છે. તેને ઉપચારથી 'માતૃકા' કહેવામાં આવે છે.

દ્વાદશાંગનો સાર સુનિર્મળ ધ્યાનયોગ છે.
ધ્યાનયોગની સિદ્ધિ માટે મનઃપ્રસાદ સાધવો જરૂરી છે,
તે મૂલોત્તર ગુણોના અનુષ્ઠાન વડે સાધ્ય છે, તેથી
સમિતિ - ગુપ્તિનું આચરણ પણ સારભૂત કહેવાય છે.
સમિતિ - ગુપ્તિ અને મહાવ્રતો વડે મનઃપ્રસાદ અને
નવકારનાં પદો વડે ચિત્તની એકાગ્રતા સધાતી હોવાથી
બંને ચૌદ પૂર્વનો સાર છે.
નિશ્ચય ધ્યાનયોગની સિદ્ધિનું સાધન નવકારપદો અને
સામાયિકનું અનુષ્ઠાન હોવાથી બંને ચૌદ પૂર્વનો સાર છે.
બંનેનું સાધ્ય આત્મજ્ઞાન હોવાથી ચૌદ પૂર્વનો તત્ત્વથી
સાર 'આત્મજ્ઞાન' અર્થાત્ 'શુદ્ધ આત્મા'નું જ્ઞાન છે.
વિશ્વમાં સારભૂત વસ્તુ આત્મતત્ત્વ છે, તેની સિદ્ધિ
જે અનુષ્ઠાનથી થાય છે, તેને પણ 'સાર' કહેવાય છે.
ધ્યાતા - ધ્યેય - ધ્યાન એ ત્રણેની એકતા સમાપત્તિ છે
અને તે ધ્યાનયોગનું ફળ છે.
તેનું સાધન પવિત્ર મંત્રપદોનું સમાલંબન છે.

## શ્રી નમસ્કાર મહામંત્રના...

પ્રથમપદમાં જીવસમાપત્તિ, દ્વિતીયમાં પરમાત્મસમાપત્તિ અને ત્રીજા, ચોથા, પાંચમાં પદમાં આત્મસમાપત્તિ રહેલી છે. છેલ્લા ચાર પદમાં સમાપત્તિની સમાપત્તિ રહેલી છે.

શ્રી જિનેશ્વર ભગવંત કેવળજ્ઞાનના પ્રકાશથી સમસ્ત સંશયરૂપી અંધકારનો નાશ કરે છે, માટે જગતના દીવા છે. જિનેશ્વર ભગવંત દરેક જીવોને કુશળ કાર્ય કરવાની આજ્ઞા કરાય છે, માટે એમના વચનને 'જિનાજ્ઞા' કહેવાય.

ઉપર્યુક્ત વિશિષ્ટતાવાળી જિનાજ્ઞાનું એકાગ્ર ચિન્તન, તે આજ્ઞાવિચય ધર્મધ્યાન કહેવાય છે.

### ચાર શબ્દોનું મુળને ટીકો...

(૧) અરિહંત : ચાર ઘાતિ કર્મોથી રહિત.

(૨) સિદ્ધ : ઘાતી - અઘાતી ઉભય કર્મોથી રહિત.

(3) સાધુ : પાંચ પ્રકારના આશ્રવથી રહિત.

(૪) ધર્મ : અઢાર પાપસ્થાનકોથી રહિત.

આ ચાર શબ્દો ધર્મના ધ્યાનને ઉજ્જવળ કરે છે.

પ્રણિપાત એ નમસ્કાર રૂપ છે,
નમસ્કાર એ તિરસ્કારનું વિપ્રતીપ રૂપ છે અને
તિરસ્કાર એ માનકષાયનું ફરજંદ છે.
નમસ્કાર એ માનકષાયને ઝેર કરે છે.

નમનવૃત્તિ એ સર્વોત્કૃષ્ટ શુભવૃત્તિ છે. તે માનની સાથે રહેનાર માયા-ક્રોધ-લોભવૃત્તિનો એક સાથે વિલય કરે છે.

માનને નમાવવા માટે 'નમો'માં સામર્થ્ય છે.

મન-માનની પ્રતિપક્ષી ભાવના નમ-નામ છે. નમ અને નામના જાપ વડે મન અને માનને જીતી શકાય છે. મન વડે મદ તથા સ્વનામ વડે માન થાય છે. તે બંનેને વિશ્વમન-વિશ્વનામ વડે નમાવી શકાય છે. વિશ્વમન અર્હંત છે અને વિશ્વનામ અરિહંત છે. અક્ષરમાત્ર અવિનાશી આત્માનું નામ છે. તે સર્વજ્ઞ છે. 'ઓં' અક્ષર મોક્ષ અને કામનો, 'નમો' અક્ષર મોક્ષનો, 'અર્હં' અક્ષર અને બાવન વર્ણ અક્ષરવિન્યાસો જેવી સૃષ્ટિ રચવી હોય, તેવી સૃષ્ટિના સર્જક બની શકે છે.

## નમસ્કારરૂપ મહાશ્રુતસ્કંધ

શ્રુતસાગરનો પાર પામવા માટેનું પ્રથમ સોપાન
દેવ - ગુરુને પ્રણામ છે, કેમકે તે મહાશ્રુતસ્કંધ છે.
દેવ - ગુરુને પ્રણામ એ સર્વ શ્રુતોમાં વ્યાપ્ત છે.

શ્રુતજ્ઞાનથી જીવાદિ તત્ત્વોનો બોધ,
દયાની લાગણી, આત્મૌપમ્યભાવ તથા
સમતાભાવાદિ દ્વારા જ્ઞાનાદિગુણોની ઉત્પત્તિ થાય છે, તે
જ કાર્ય પરમેષ્ઠિ નમસ્કારરૂપ મહાશ્રુતસ્કંધથી થાય છે.

શ્રી નમસ્કાર મહામંત્ર એ સ્વર્ગની સીડી છે.

નમસ્કારમંત્રનો મંત્રજાપ કલ્પનાજાળથી મુક્ત કરી,
સમત્વમાં પ્રતિષ્ઠિત કરીને અંતે મનોગુપ્તિની જેમ
આત્મનિષ્ઠ બનાવે છે, માટે તે ચૌદ પૂર્વનો સાર છે.

જેમ 'નમો' પદ નમસ્કારવાચક છે,
તેમ 'મનો' પદ અનમસ્કારવાચક છે.
નમસ્કાર એ ધર્મ અને મોક્ષનું બીજ છે, જ્યારે
અનમસ્કાર એ અધર્મ અને સંસારનું બીજ છે.

## 'નમો અરિહંતાણં ।' પદનું માહાત્મ્ય

'નમો અરિહંતાણં ।' પદ વડે અંતરાત્મભાવમાં રહીને
પરમાત્મભાવનું જે ભાવન થાય છે,
તેનું જ નામ 'આત્મસમર્પણ' કહેવાય છે, કેમકે
તેમાં બહિરાત્મભાવનો ત્યાગ અને
અંતરાત્મભાવનું પરમાત્મભાવમાં વિલીનીકરણ થાય છે
- ભાગત્યાગલક્ષણાથી અભેદનું ભાવન થાય છે.
'નમો'માં રહેલ અલ્પજ્ઞત્વ અને
'અરિહંતાણં'માં રહેલ સર્વજ્ઞત્વનો ત્યાગ થાય છે અને
બંનેમાં રહેલ ચૈતન્યના ભાગનો સ્વીકાર થાય છે.
'નમો અરિહંતાણં ।' મંત્રમાં
'દાસોઽહં', 'સોઽહં' અને 'ૐ' એ ત્રણે મંત્રો રહેલા છે.
આ મંત્ર વડે દેહદૃષ્ટિએ દાસપણું, જીવદૃષ્ટિએ તદંશપણું
અને આત્મદૃષ્ટિએ તદ્રૂપપણું પ્રકટે છે.
ફળ સમતાથી ભરેલું છે. 'નમ' વડે 'મન' જ્યારે ફળ
સાથે જોડાય છે, ત્યારે મન 'સમ' સ્વરૂપ બને છે.

## નવકારમાં દેવ - ગુરુ - ધર્મ

(૧) દેવ એ સાર છે - (દર્શક માટે)
(૨) ગુરુ એ દ્વાર છે - (દોડાડનાર માટે)
(3) ધર્મ એક માર્ગ છે - (ચલાડનાર માટે). સ્મૃતિ

## નવકારમાં યોગ

(૧) પહેલાં પાંચ પદો ઇચ્છા - (મન)
(૨) પછીનાં બે પદો ધ્યાન - (બુદ્ધિ)
(3) છેલ્લા બે પદો સમાધિ - (અલંકાર - આત્મા)

## નવકારમાં સમાપત્તિ

(૧) પહેલાં પાંચ પદમાં વિષયસમાપત્તિ.
(૨) પછીના બે પદમાં ઉભયસમાપત્તિ.
(3) છેલ્લા બે પદમાં આત્મસમાપત્તિ.

## નવકારમાં સિદ્ધપદ

(૧) સમાપત્તિ (object) વડે ધ્યાન થાય છે.
(૨) આપત્તિ (Subj - Obj) વડે ભિન્નતા સધાય છે.
(3) સંપત્તિ (Subject) વડે સિદ્ધપદ મેળવાય છે.

## વર્ણમાતૃકાથી કર્મનિર્જરા

માતૃકાના પ્રત્યેક વર્ણનો ઉચ્ચાર કરતાં ઉચ્ચારરૂપે જે નાદ ઉત્પન્ન થાય છે, તેમાં મનની સ્મૃતિરૂપી વૃત્તિ એકાગ્રતા-પૂર્વક જોડવાથી નાદાનુસંધાનપૂર્વક આત્માનું અનુસંધાન સાક્ષાત્ થાય છે, તેમાં કારણ એ છે કે માતૃકાનો દરેક વર્ણ સંકેતથી નિરપેક્ષ છે, તેથી વાચ્યાર્થથી રહિત છે. જે સંકેતવાળા શબ્દો હોય, તે સંકેતની સ્મૃતિ વડે વાચક વાચ્ય અર્થનો સાક્ષાત્કાર થાય છે. સંકેતવાળા શબ્દોમાં શબ્દ અને અર્થનો વાચ્ય-વાચક સંબંધ છે. માતૃકાના વર્ણોચ્ચારમાં વાચ્ય ન હોવાથી વાચક પણ નહિ અને તેથી કેવળ નાદનો જ અનુભવ થાય છે. વર્ણનો આત્મા નાદ હોવાથી તેના અનુસંધાન વડે સાધક સર્વ શ્રુતનો પારગામી થાય, તેથી જ કહ્યું છે કે માતૃકાના સંસ્મરણથી શ્રુતજ્ઞાનના પારને પામે છે. શ્રુતજ્ઞાનાવરણીય કર્મોની નિર્જરા કરવાનું સચોટ સાધન માતૃકાઓનું સંસ્મરણ છે. માતૃકાના સ્મરણ વડે વર્ણોનો અતિશય પ્રાપ્ત થાય છે.

નવકારમંત્ર ક્યારે કેવી રીતે શરણ બનાય ?

સજ્જનને સ્વીકારવાથી સાચી ગર્હા થાય છે અને
ભવ્યત્વને સ્વીકારવાથી સાચી અનુમોદના થાય છે.
ભવ્યત્વભાવનાં પૂર્ણ સ્વીકાર વડે
સજ્જનનો સદ્ભાવ, દુઃખ કરવાથી શરણ બનાય છે.

શરણાગમનનું માહાત્મ્ય શાથી ?

શરણાગમન વડે વ્યવહારનયથી અરિહંતાદિનું અને
નિશ્ચયનયથી શુદ્ધ આત્માનું શરણ પ્રાપ્ત થાય છે.
શરણાગમન વડે સુકૃત કરવાનું સામર્થ્ય પ્રાપ્ત થાય છે
અને સુકૃત કરવાના સામર્થ્ય વડે
દુષ્કૃતગર્હા સાર્થક થાય છે.

મનને નમાવે તે માનવ.

મન નમાવવાનું છે માલિકને, માલિક છે ઈશ્વર - શુદ્ધ જીવ.
અહંનો ઈન્કાર એટલે પાપપ્રતિઘાત તથા
અર્હંનો સ્વીકાર એટલે ગુણબીજાધાન.
નમસ્કારમાં સ્વનો ઈન્કાર - સર્વ કે સત્નો સ્વીકાર છે.

## શ્રી નમસ્કાર મહામંત્ર - સિદ્ધિનું કારણ

શ્રદ્ધા - મેધાદિ વડે સદા નિર્મળ થાય છે કે:
નમસ્કાર વડે બોધિ, સમાધિ અને સિદ્ધિ મળે છે.
શ્રદ્ધા - મેધાદિ ઇચ્છાપ્રવૃત્તિ અને સ્થિરતાને પમાડે છે,
તેના પરિણામે સિદ્ધિ મળે છે.

નમસ્કાર વંદન - પૂજન - સત્કાર - સન્માન સ્વરૂપ છે.
શ્રદ્ધાદિ વડે નમસ્કાર કરવાથી બોધિલાભ થાય છે.
બોધિ વડે ઇચ્છાદિ યોગોની વૃદ્ધિ થવાથી અંતે સિદ્ધિ
મળે છે, તેથી શ્રી નમસ્કાર મહામંત્ર એ સિદ્ધિનો
પરમ હેતુ તથા પરંપરાએ સિદ્ધિનું કારણ બને છે.

### મોક્ષમાર્ગમાં પ્રવેશવાનાં ૩ દ્વાર

(૧) બીજાનું દુઃખ દેખીને દયાર્દ્ર થવું.
(૨) દેવ - ગુરુ - અતિથિનો સત્કાર કરવો.
(૩) દીન - અનાથાદિનો ઉદ્ધાર કરવો.

શ્રી નમસ્કાર મહામંત્રના જાપ દ્વારા
આ ત્રણે દ્વારે તાળાં ખુલી જાય છે.

## નમસ્કાર ઉપર ઉત્સર્ગ - અપવાદ

જૈનધર્મમાં પ્રચલિત ધર્મના અનુષ્ઠાનોમાં એ
તેના આવશ્યક અંગે ક્રિયા છે.
શ્રી નવકાર મહાશ્રુતસ્કંધના સ્મરણ - ધ્યાનપૂર્વક
આરાધનાનો ઉપદેશ એ ઉત્કૃષ્ટ મોક્ષમાર્ગનો ઉપદેશ છે.
તેના સ્મરણ કે 'નમો અરિહંતાણં'થી પણ મોક્ષ મળે.
આ ઉત્સર્ગમાર્ગ છે.

## 'નમો' દ્વારા મોક્ષદાયકતા કઈ રીતે?

દ્રવ્યાનુયોગ દૃષ્ટિથી શ્રી અરિહંત પ્રભુ
એક વિશુદ્ધ આત્મદ્રવ્ય રૂપ પદાર્થ છે અને
ચરણાનુયોગ દૃષ્ટિથી તેમને નમસ્કાર કરવો,
એ આત્મધ્યાનનું (મોક્ષસાધક) સાધન બની રહે છે, માટે
તે દૃષ્ટિથી 'નમો' દ્વારા મોક્ષદાયકતા - સાધનતા સિદ્ધ છે.
'નમો' દ્વારા ચરણાનુયોગથી અચિન્ત્ય શક્તિયુક્ત શ્રી
અરિહંત પદાર્થનો આત્મકલ્યાણમાં ઉપયોગ કરાય છે.
'નમો'માં સાધકને મોક્ષ આપવાની અદ્ભુત તાકાત છે.

'નમો'નો ઉપયોગ કરે તો જ સાધક - આરાધક બની શકે.

સાધકને 'નમો'ના ઉપયોગપૂર્વક

શ્રી અરિહંત ભગવંત આરાધ્ય સ્થાને હોય છે, અન્યથા

દ્રવ્યાનુયોગની દૃષ્ટિએ તે જગતની એક વસ્તુ રહે છે.

'નમો અરિહંતાણં' એ

ઉત્કૃષ્ટ આરાધનાનાં સાધનરૂપ બની રહે છે.

આરાધનામાં આરાધક - આરાધ્ય બંનેની અપેક્ષા છે.

આરાધના એ કારણ છે, એનું કાર્ય મોક્ષ છે.

મોક્ષરૂપી કાર્યને સિદ્ધ કરવામાં આરાધક અને આરાધ્ય

- એ આરાધના દ્વારા સહાયક થાય છે.

આરાધના જેમ મોક્ષનું કારણ છે, તેમ

આરાધનાને જો કાર્ય ગણીએ, તો તેના કારણસામગ્રીમાં

આરાધ્ય અને આરાધકનો સમાવેશ થાય છે.

આરાધનાનાં એક સાધન તરીકે શ્રી નમસ્કાર મહામંત્ર છે.

એવા ઘણા ભવ્યાત્માઓ હોય છે કે

એક જ નમસ્કાર તેમને સંસારસાગરથી પાર કરી દે,

પરંતુ બધાની તથાભવ્યતા તેવી હોતી નથી,
તેથી 'નમો'નો સમ્યગ્ વ્યાયામ કરવા માટે
કરેમિ ભંતે સૂત્ર છે, જેનો અર્થવિસ્તાર દ્વાદશાંગીરૂપ છે.
'નમો અરિહંતાણં |' આદર્શરૂપ છે, જેને
પ્રાપ્ત કરવાનું વ્યવહારુ સાધન 'કરેમિ ભંતે' સૂત્ર છે.
નમસ્કાર કરવાનો વિધિ છ આવશ્યકરૂપ છે:
સાવદ્યયોગના - ત્યાગના પચ્ચક્ખાણ, ચતુર્વિંશતિ સ્તવો,
ગુરુવંદનો, નિંદા - ગર્હા તથા વિવિધ પ્રકારે મિચ્છામિ
દુક્કડં રૂપી પ્રતિક્રમણો આદિ છ આવશ્યક સાધન છે.
સામાયિકનું ઉત્કૃષ્ટ ફળ કાયોત્સર્ગ છે,
મન - વચન - કાયાના વ્યાપારોનો વ્યુત્સર્ગ છે.
તે ઉત્સર્ગ આરાધનાનું સાધન શ્રી નવકાર મહામંત્ર
અને અપવાદ નિયમરૂપ ષડાવશ્યકાદિ ક્રિયાઓ આદિ છે.
તેમાં પૂજા, યાત્રા, વંદન, પ્રતિક્રમણાદિ, કાયોત્સર્ગના
આસન - મુદ્રા વગેરે અનુષ્ઠાનો છે,
જેનું વર્ણન આગમોમાં ભર્યું છે.

'નમો'ને સિદ્ધ કરવાના વ્યાવહારિક સાધનરૂપ ષડાવશ્યકનાં સૌ અનુષ્ઠાનો ધર્મરાજાના સામ્રાજ્યના સુભટો રૂપે બધે ફેલાયેલા છે. તે મોહરાજાના સામ્રાજ્યને હઠાવવાનું તે તે રૂપે કાર્ય બજાવતાં રહે છે.

'કરેમિ ભંતે' [illegible] ધર્મસામ્રાજ્ય ફેલાયેલ છે. એક દૃષ્ટિએ 'નવકાર' અને 'સામાયિક' બંને અભિન્ન છે અથવા 'નમો'નો વિસ્તાર 'કરેમિ ભંતે' છે.

'નમો' માત્રથી બધા જીવો મોક્ષ નહિ પામી શકતાં, તેથી તે જીવોની ભૂમિકા મુજબ તેમની શક્તિને વિકસાવવાના સાધન તરીકે 'કરેમિ ભંતે'નો ઉપયોગ છે.

એ રીતે 'ઉત્સર્ગ નમસ્કાર - સ્મરણ' અને 'અપવાદ નમસ્કાર - સ્મરણ' એમ બે ભેદ પડે છે. અનુષ્ઠાનો વિચ્છેદના કાળમાં શસ્ત્રપરિજ્ઞા, જ્ઞાનપરિજ્ઞા આદિ શ્રુતોનો સ્વાધ્યાય કરવાનો મુખ્ય આદેશ છે. તે અપેક્ષાએ નવકારનું સ્મરણ, જાપ, ધ્યાન વગેરે ઉત્સર્ગ કોટિમાં નહિ પણ અપવાદ કોટિમાં આવે.

એ રીતે ઉત્સર્ગ - અપવાદનો વિવેક કરવામાં ન આવે,
તો અન્યથા જીવનરૂપ આશાતનાનો દોષ લાગે.
શ્રી નવકાર મંત્રનો મહિમા અદ્ભુત નથી, પરંતુ તેનું
ફળ પ્રાપ્ત કરવા તેના યથાસ્થાન જીવનમાં ધરવા જોઈએ.

નવકાર મહામંત્રની સાધનાને પૂર્ણ કરવાનાં સાધનો:

૧૨ વ્રત, પાંચ અણુવ્રત, શ્રાવક - સાધુની પ્રતિમાઓ,
પાંચ પ્રકારના આચારો તથા
દ્રવ્ય - ક્ષેત્ર - કાળ - ભાવ અનુસાર વિવિધ અનુષ્ઠાનો.
શેષ અનુષ્ઠાનો વિના સાચી રીતે શ્રી નવકાર મંત્રનું
યથાયોગ્ય સાધન કરવાની શક્તિ પ્રાપ્ત થઈ શકતી નથી.
દરેક ધર્મોને ટકવાનો આધાર અનુષ્ઠાનો છે.
વિવિધ પ્રકારના અનુષ્ઠાનો અને તેની આરાધના -
એ સર્વ ધર્મને ટકાવવા માટે સ્તંભરૂપ છે.
શ્રી તીર્થંકર પ્રભુના મહાસામાયિકના નમૂનારૂપે વ્યાપક
રીતે સૌ સામાયિક કરે, ષડાવશ્યક - પંચાચારનું પાલન કરે,
તેના મહત્ત્વ સમજે, વરઘોડા, સામાયિક, નવકારસી, યાત્રા

સંઘ, પૌષધ, પ્રતિક્રમણ, પૂજા, ભક્તિ, મહાપૂજા વગેરે કરે,
તેનાં યોગ્ય સ્થાને તે થતાં રહે, તે જ અપવાદ નમસ્કાર
રૂપ અને ઉત્સર્ગ નમસ્કારને પામવાનાં સાધન રૂપ જ છે.
તે સર્વને જડ કે શુષ્કક્રિયા કહીને નિંદવા લાયક નથી.
તેમાંથી જ સંઘ, શાસન, શાસ્ત્ર, ધર્મ વગેરે ટકે છે.
જૈનશાસનમાં ધ્યાનનું મુખ્ય ફળ આત્મપ્રદેશોની સ્થિરતા છે
તથા આત્મપ્રદેશોની સ્થિરતામાં વૃદ્ધિ થવી, તે જ છે.
છેલ્લે સર્વ વ્યુત્સર્ગ થતાં શૈલેશીકરણ થાય છે.
તે જ જિનશાસનની દરેક આરાધનાઓનું ધ્યેય છે.
ઉત્સર્ગ નિયમો કરતાં અપવાદ નિયમો બળવાન હોય છે.
નિશ્ચય કરતાં વ્યવહારનું સ્થાન પ્રધાન સૂચવ્યું છે,
તે સહેતુક છે. આધુનિક પ્રાર્થના, અધ્યાત્મપરિષદો કે
આસન પદ્ધતિઓમાં તે ધ્યેય સચવાતું નથી. ધાર્મિક
અનુષ્ઠાનો પ્રત્યેની નિષ્ઠાને જરા પણ આંચ ન આવે
અને તે નિષ્ઠા વધુ દૃઢ બને, તો જ
ઉત્સર્ગ નમસ્કારની સિદ્ધિનો માર્ગ સરલ બને છે.

પોતપોતાના ધર્મોને ટકાવવા હોય તો ચાલતાં આવેલા અનુષ્ઠાનોને ટકાવી રાખવા, એ જ અગત્યનો મંત્ર છે, જેથી એકાંત નિશ્ચયવાદી થઈ ન જવાય અને કેવળ ચિત્તનિરોધરૂપ ધ્યાનની પ્રક્રિયાને માર્ગે ચઢી ન જવાય.

કાયાને સ્થિર કરવાથી, મૌનને સેવવાથી, ચિત્તવૃત્તિને એકાગ્ર કરવાથી અને ત્રણે યોગોનો નિરોધ કરવા વડે કાયોત્સર્ગરૂપ વાસ્તવિક ધ્યાન સાધી શકાય છે.

પંચ પરમેષ્ઠિનું મહત્ત્વ દર્શન, જ્ઞાન, ચારિત્રાદિ ગુણોને કારણે અને દર્શન, જ્ઞાન, ચારિત્રાદિ ગુણોનું મહત્ત્વ પંચ પરમેષ્ઠિના કારણે છે. સાલોક્ય, સામીપ્ય, સારૂપ્ય અને સાયુજ્ય - એ ૪ પ્રકારની મુક્તિ અનુક્રમે સ્થાપના, નામ, દ્રવ્ય અને ભાવ - એ ૪ નિક્ષેપથી જિનેશ્વર ભગવંતની ઉપાસના વડે તત્ક્ષણ પ્રાપ્ત કરી શકાય છે.

પ્રભુનું નામ કે કીર્તન એ હૃદયની વાણી છે,
તે આર્તની ભાષા અને અસહાયનો પુકાર છે.
નામ કે કીર્તન એ ભક્તની અંતિમ નિધિ છે.

નમસ્કાર વડે દુષ્કૃતગર્હાથી નિર્મળતા,
સુકૃતાનુમોદનથી સ્થિરતા અને
શરણાગમનથી તન્મયતા એક સાથે સધાય છે.
'અહં' એ સ્વપ્ન છે, 'અર્હં' એ સત્ય છે.
'અહં' એ તરંગ છે, અર્હં એ ઉદધિ છે.
મંગલમયમાં સઘળાં સમાયેલું છે.
મનની નનની મમતા છે, 'નમઃ' એ ઈશ્વરદત્ત છે.
'નમઃ'નું સર્જન ગુણાધિકના બહુમાનથી છે, જ્યારે
મનનું સર્જન ગુણ - દોષથી નિરપેક્ષ છે.
'જ્યાં રાગ, ત્યાં મમ' - એ મનનું કાર્ય છે.
'જ્યાં ગુણ, ત્યાં રાગ' - એ નમનું કાર્ય છે.
શ્રદ્ધા = મંત્રની શક્તિ, મંત્રપ્રદાતા ગુરુમાં આપ્તત્વ
અને ગુરુપરંપરાની અવિચ્છિન્નતા - એ ત્રણે ઉપર
અત્યંત શ્રદ્ધા - સંપૂર્ણ વિશ્વાસ - નિઃશંકતાની બુદ્ધિ.
પવિત્ર પદો = આપ્તપુરુષના મુખકમળમાંથી નીકળેલ પદો
હોવાથી તેને દેવોનો અનુગ્રહ પ્રાપ્ત થાય છે.

પવિત્ર પછી લક્ષણોપેત હોવાથી દેવાધિષ્ઠિત હોય છે.
આજ્ઞા એ યથાર્થતા અને શ્રદ્ધાને આધીન છે.
પવિત્રતા અને નિર્મળતા સુગુણીઓમાં રહેલ વિશિષ્ટ
પ્રકારની અભેદપ્રણિધાનની શક્તિના કારણે હોય છે,
જે તેમની પ્રતિષ્ઠા - વિશિષ્ટ તપપ્રભાવે પ્રગટે છે.
તેમના મુખમાંથી નીકળેલ પછી નિર્મળ અને પવિત્ર
હોવાની સાથે વચનબળ અને સર્વસિદ્ધિપ્રદ હોય છે.
મંત્રપ્રદાતા ગુરુની જેમ સાધક પણ સત્ત્વગુણી હોવો
ઘટે. જપ વડે મંત્રમાં રહેલ વીર્ય પ્રગટ થાય છે.

વીર્ય = અચિન્ત્ય શક્તિ.

જપક્રિયા એ સ્મરણ, વિચિન્તન, ધ્યાનયુક્ત હોવા ઘટે.

સ્મરણાદિ વડે મંત્રો જાગ્રત થાય છે.

સ્મરણ પોતે જ ધ્યાનાદિ રૂપે પરિણામ પામીને

પ્રશસ્ત ફળને આપનાર થાય છે.

તદાત્મસ્વરૂપાપત્તિપ્રયોજકં ।

પ્રથમ માનસસાક્ષાત્કાર - પછી આત્મસાક્ષાત્કાર થાય છે.

# નવકાર ઉપર અવધાર - નિશ્ચયનય

નવકારમાં રહેલ વ્યક્તિઓને જે ગમતું હતું, તે ન ગમે ત્યાં સુધી નવકારને ગણનારાનો નવકાર કેવી રીતે ફળે?

નવકારમાં રહેલ પંચ પરમેષ્ઠિ વ્યક્તિઓને સંસાર અને તેનાં સુખ કેવાં લાગ્યાં હતાં?

સંસારનાં સુખ અને તેને માટે થતાં રાગદ્વેષાદિ પાપો પ્રત્યે તેમને તીવ્ર અભાવ હતો, મોક્ષનાં સુખ અને તે માટે પળાતો અહિંસા - સંયમરૂપ ધર્મ તેમને કેવો લાગતો હતો? એવી રીતે થતો હેયોપાદેયનો વિવેક જો દૃઢ ન થાય, તો અર્થભાવના વિના પોપટપાઠની જેમ કેવળ શબ્દ-માત્રથી રટી જવામાં નવકારનું મુખ્ય ફળ ક્યાંથી મળે? <u>જાપના ફળનો આધાર ગણનારની પરિણતિ ઉપર છે.</u>

તે પરિણતિ અર્થભાવના ઉપર આધાર રાખે છે. નવકારની અર્થભાવનામાં સંસારની અસારતા, વીતરાગતા, વિષયકષાયની ભયાનકતા અને નિર્ગ્રન્થતાની સારભૂતતા ભાવિત કરવાની હોય છે.

સંસારનાં કલ્પિત સુખોનો મોહ ન જાય અને
મોક્ષનાં અતીન્દ્રિયસુખો પ્રત્યે પ્રેમ ન જાગે,
ત્યાં સુધી નમસ્કાર એ ભાવનમસ્કાર કેવી રીતે બને?

આગળ વધવાની ઈચ્છાવાળાને અર્થભાવનાપૂર્વક ગણાય તો જ પૂર્ણ ફળને આપે. નમસ્કારના અનંત અર્થ છે.

વ્યવહારનયનો અભિપ્રાય ક્રિયા ઉપર તથા નિશ્ચય-નયનો અભિપ્રાય જ્ઞાન-પરિણતિ ઉપર ભાર દેવાનો છે.

જે નય પોતાનો અભિપ્રાય રજુ કરે,
તે વખતે તેના ઉપર જોર આપવામાં ન આવે,

તો જે જ્ઞાન આપવું છે, તે કેવી રીતે આપી શકાય? નમસ્કારના પરમેષ્ઠિઓનું સ્વરૂપ જાણ્યા વિના, તે પ્રત્યે રુચિ કેળવ્યા વિના, તેમનામાં રહેલા ગુણોને ઓળખ્યાં વિના આત્મા તદાકાર કેવી રીતે બને? સાચી અર્થભાવના-પૂર્વકની આરાધના જે રીતે આત્મામાં ઊંડાણથી પ્રવેશી શકે, તે રીતે કેવળ ઓઘદૃષ્ટિથી થતી આરાધના અંતસ્તલમાં પ્રવેશી ન શકે. એ માટે અર્થભાવનાની પુનઃ પુનઃ જરૂર છે.

# આરાધનામાં ગુરુતત્ત્વનું મહત્ત્વ

ગુરુને સમર્પિત થયા વિના બધી જ આરાધના નિષ્ફળ છે.
શાસ્ત્રજ્ઞાન ભલે અલ્પ હોય કે અધિક - પણ જેઓ
ગુરુને સમર્પિત છે, તેઓ ભવસાગરને અવશ્ય તરે છે.
આ વ્યવહારનયની દેશના છે.

વ્યવહારનય નવકાર માટે પણ એ જ કહે છે.
અયોગ્યને પણ યોગ્ય બનાવવાની તાકાત નવકારમાં છે.

નિશ્ચયનય કહેશે કે :

નવકાર નહિ પણ પોતાના શુદ્ધ પરિણામ જ તારક છે.
નિશ્ચયનયનું વચન : આશયશુદ્ધિ વિના નવકાર ન તારે.
વ્યવહારનય કથન : આશયશુદ્ધિ નવકાર વિના ન જ થાય.

બંને નય પોતપોતાના સ્થાનમાં સમાન બળવાન છે.
શ્રોતા જે નયને યોગ્ય હોય, તે નય આગળ કરવો જોઈએ.

પ્રમાદી જીવોને પ્રધાન વ્યવહારનય ઉપયોગી છે,
ક્રિયામાં રૂઢ થયેલાઓને નિશ્ચયનય ઉપયોગી છે.
નિશ્ચયના લક્ષ્ય વિનાનો વ્યવહાર અલ્પ ફળવાળો છે.

## મંત્રોમાં રહેલ બે પ્રકારના વર્ગો

એક અર્થપ્રધાન - બીજા ધ્વનિપ્રધાન વર્ગો છે.
ધ્વનિપ્રધાન મંત્રોને 'શાબર મંત્રો' કહે છે.

'એસો પંચ નમુક્કારો'નો પંચ નમસ્કારા અસ્મિન્ સઃ । એ રીતે બહુવ્રીહિ સમાસ કરવામાં આવે, તો તે પાંચ પ્રકારની 'નમઈ' વાદને કહે છે, જેનું ઉચ્ચારણ જ પાપનો ક્ષય કરી મંગળવર્ધક બને છે, એમ ધ્વનિત અર્થ થાય છે.

આત્માનો સાર ઓંકારરૂપ પંચપરમેષ્ઠિ છે અને પંચપરમેષ્ઠિનો સાર ઓંકારરૂપ આત્મા છે. આત્મા જ પ્રધાન પરમેષ્ઠિ અને પંચ પરમેષ્ઠિ ઉભય સ્વરૂપ છે.

'પ્રભુનું નામગ્રહણ સ્મરણાવત્ થવું જોઈએ'નો અર્થ:
પોતાનો આત્મા પણ કથંચિત્ શુદ્ધ સ્વરૂપવાળો છે.
એ અપેક્ષાને ધ્યાનમાં લઈ
'અરિહંતાદિના નામગ્રહણ વખતે પોતાના શુદ્ધાત્માનું
નામગ્રહણ પણ થઈ રહ્યું છે' એવી
ભાવનાને પણ સ્થિર કરવાનો અભ્યાસ થવો જોઈએ.

## અજપાજપનું રહસ્ય

'જપને મન કરે અને સાધક તેને સાંભળે'
એ રીતે જપ કરવાવાળો અને તેને સાંભળવાવાળો -
એક જ વ્યક્તિ પૃથક્ પૃથક્ પડી જાય છે.
જપ કરવાવાળું મન અને એને સાંભળવાવાળી બુદ્ધિ,
બંનેની ભિન્નતા થતાં જ બુદ્ધિ શાંત તથા સ્થિર બની
જાય છે અને પછી મનનો જપ પણ છૂટી જાય છે.
નવકારનો વિનિયોગ સમસ્ત સત્ત્વવિષયક સ્નેહનો પરિણામ છે.
એ સ્નેહમાં અંતરાય કરનાર પાપ છે અને
એ સ્નેહમાં સહાય કરનાર તત્ત્વ મંગળ છે.

આપણે ઈશ્વરની સ્તુતિ કરીએ, તે ભક્તિયોગ છે.
ઈશ્વર આપણી સાથે વાત કરે અને
આપણે અંદર સાંભળીએ, તે રાજયોગ છે.
જાપ કરવો તે ભક્તિ અને
થઈ રહેલો જાપ સાંભળવો તે રાજ.
ભક્તિ અને રાજ મળે, ત્યારે આત્મપ્રકાશ થાય.

નવકાર એ કઈ રીતે શુદ્ધાત્મ સ્વરૂપ છે?

ચૌદ પૂર્વનો સાર નિર્વિચાર છે. નિર્વિચાર થવાનું
દ્વાર નવકાર છે, માટે ચૌદ પૂર્વનો સાર નવકાર છે.
નિર્વિચાર - નિર્વિકલ્પ એ શુદ્ધાત્માનું સ્વરૂપ છે અને
એ સ્વરૂપની પ્રાપ્તિ - એ આપણું સાધ્ય છે.
એ સાધ્યનું સાધન શુદ્ધાત્માનું જ્ઞાન અને ધ્યાન છે
તથા તે કરવા માટેનું સાધન એ નવકાર છે.

ચૌદ પૂર્વમાં જે કહેલું છે, તે શુદ્ધ આત્મા છે. શુદ્ધ
આત્માને જણાવનાર જે શ્રુત છે, તે ય આત્મા જ છે.
શ્રુત એ ગુણ - ગુણ એ વસ્તુતઃ ગુણીસ્વરૂપ જ છે.

કહ્યું છે કે: શ્રુતજ્ઞાનના બળથી
જે સંપૂર્ણ આત્માને જાણે, તે શ્રુતકેવળી છે.
ચૌદ પૂર્વધર શ્રુતકેવળી ઇત્યાદિ છે, તે વ્યવહારથી છે.
નિશ્ચયથી તો શ્રુતજ્ઞાન પણ આત્મા જ છે,
તેથી શ્રુતજ્ઞાન વડે આત્મા આત્માને જ જાણે છે.
નવકાર વડે પણ આત્માનું જ જ્ઞાન થાય છે.

નવકાર એ શ્રુત છે અને શ્રુત એ આત્મા છે તથા નવકારરૂપી શ્રુત વડે પંચ પરમેષ્ઠિનું જ્ઞાન થાય છે અને પંચપરમેષ્ઠિ એ આત્માનું જ શુદ્ધ સ્વરૂપ છે, તેથી નવકાર વડે શુદ્ધ આત્માને જ જાણવાનો છે.

નવકાર વડે જાણવાની વસ્તુ આત્મા છે અને જાણનાર પણ આત્મા જ છે, તેથી સાબિત થાય છે કે નવકાર એ ચૌદ પૂર્વનો સાર છે અને ચૌદ પૂર્વ પણ આત્માને જણાવે છે તથા નવકાર પણ આત્માને જ જણાવે છે, તેથી બંને વડે એક જ કાર્ય થયું કહેવાય. બંને વડે એક જ વસ્તુનું આરાધન થાય છે, તેથી સમાન ફળની પ્રાપ્તિના અધિકારી બને છે.

જે ફળ ચૌદ પૂર્વના અધ્યયન વડે પમાય છે, તે જ ફળ નવકારના અધ્યયન વડે પણ પમાય છે. આત્મજ્ઞાનનું મનન જે પદો દ્વારા કરવામાં આવે છે, તે પદ ૐ હ્રીં, ૐ હ્રાં હ્રીં હ્રૂં હ્રૌં હ્રઃ । ઇત્યાદિ છે. એ પદો દ્વારા આત્માના શુદ્ધ સ્વભાવનું મનન થાય છે.

# નવકાર અને નવતત્ત્વ

નવકારથી નવતત્ત્વનો બોધ, દયાની લાગણી, આત્મ-
સમદર્શિત્વ, પરપીડાવર્જન, આસ્રવનિરોધ, સંવરસેવન
અને વિપુલ નિર્જરાદિ ગુણો પ્રાપ્ત થાય છે.
નવતત્ત્વના બોધ દ્વારા સમત્વ, તે દ્વારા સમષ્ટિ - દયા,
તે દ્વારા અહિંસા, સંયમ, તપ તથા નિર્જરા અને મોક્ષ.
અહિંસામાં જીવવિચાર દ્વારા સમત્વ છે, સંયમમાં કર્મ-
વિચાર દ્વારા તથા તપમાં ધર્મવિચાર દ્વારા સમત્વ છે.
ધર્મની પાછળ ભાવના, વિચારણા અને આચરણ છે.
'ધર્મ' શબ્દની મુખ્ય વ્યંજના આચરણ પરત્વે છે.
બાળ શબ્દોમાં સદાચરણ એ ધર્મનું સ્થૂલ શરીર છે
અને સદ્વિચાર એ ધર્મનું સૂક્ષ્મ શરીર છે.
ધર્મ એ જીવનનો નિયામક જ નહિ - સંયોજક પણ છે,
જીવનચર્યાનો પ્રતિબંધક નહિ, એનો વ્યવસ્થાપક પણ છે.
ધર્મ વિનાનો સમાજ, પ્રજા કે જીવન એ ઉદાર અને
ઉત્કૃષ્ટ આશયો અને આદર્શોથી સ્ખલિત થાય છે.

શ્રી નમસ્કાર મહામંત્રમાં...

(૧) મંત્ર રૂપ ૬૮ અક્ષર છે.

વર્ણો વડે પરમેષ્ઠિઓનું વર્ણન છે.

(૨) વાચ્યાર્થ રૂપ પંચ પરમેષ્ઠિ ભગવંતો છે.

વર્ણન વડે નિજાત્માનું શુદ્ધ નયમાં પરિજ્ઞાન છે.

(3) લક્ષ્યાર્થ રૂપ નિજ શુદ્ધાત્મા છે.

પરિજ્ઞાન વડે પાપપ્રણાશ - સર્વોત્કૃષ્ટ પુણ્યોપાર્જન છે.

(૪) વ્યંગ્યાર્થ રૂપ સંવર અને વિપુલ નિર્જરા છે.

સર્વ પાપપ્રણાશ તથા સર્વોત્કૃષ્ટ મંગળનો લાભ છે.

મંગળનું આવાગમન છે, ધર્મ એ ઉત્કૃષ્ટ મંગળ છે.

નિજ શુદ્ધ સ્વરૂપનો લાભ એ સર્વોત્કૃષ્ટ ભાવમંગળ છે.

'નવકાર એ ચૌદ પૂર્વનો સાર છે' અર્થાત્

તે નિશ્ચયનયમાં નિશ્ચલત્વનું પામવાનો ઉપાય છે.

નિશ્ચયનય એટલે શુદ્ધનય. શુદ્ધનય, તેનો વિષય શુદ્ધ આત્મા. આત્માને વિષે નિશ્ચય મને એ નિશ્ચય વડે પ્રાપ્ત થતું નિશ્ચલત્વનું એ સમગ્ર દ્વાદશાંગીનો સાર છે.

નવકાર એટલે પરમેષ્ઠિ ભગવંતો પ્રત્યે બહુમાનવાળો
આત્મા, આત્માનો પરમેષ્ઠિ બહુમાનવાળો પરિણામ.
બહુમાન વડે કથંચિત્ અભેદભાવને પામેલો નિજાત્મા.
પરમેષ્ઠિથી કથંચિત્ અભિન્ન બનેલો આત્મા એજ
ચૌદ પૂર્વનો સાર છે. ચૌદ પૂર્વ ત્રણ લોકનો સાર છે.

ત્રણ લોકમાં સારભૂત વસ્તુ દ્વાદશાંગી છે અને
દ્વાદશાંગીનો સાર નિજ શુદ્ધ આત્મા છે.

ત્રણ જગતમાં આત્મા અધિક છે. આત્મા છે, તો ત્રણ
જગતનું ભાન છે. તે ભાનનો સ્વામી આત્મા એ ત્રણ
જગતનો સ્વામી છે. નવકારમંત્ર રૂપે અડસઠ અક્ષરો છે,
વાચ્ય અર્થ રૂપે પંચ પરમેષ્ઠિ છે, લક્ષ્ય અર્થ રૂપે નિજ
આત્મા છે અને વ્યંગ્યાર્થ રૂપે કર્મક્ષય અને નિર્જરા છે,
સર્વ પાપપ્રણાશ અને સર્વોત્કૃષ્ટ મંગળનો લાભ છે.
નવકારમાં વર્ણો છે, એ વર્ણો વડે પરમેષ્ઠિઓનું વર્ણન છે.
ભાન પ્રધાન, પછી જાપ. જાપ સ્વાધીન - ભાન પરાધીન.
જાપ કરતાં ધ્યાન, ધ્યાન કરતાં લયમાં વિશેષ લાભ.

## શ્રી નવકાર મહામંત્રનો અદ્ભુત મહિમા

માનવભવમાં એક નવકાર મંત્ર પણ જેને મળ્યો છે,
તેના ભાગ્યને કોણ પહોંચે ? કેમકે તે સર્વ મંત્રોમાં
મુકુટમણિ સમાન છે. સર્વ કામનાઓને પૂર્ણ કરવા માટે
અચિન્ત્ય ચિંતામણિ, અપૂર્વ કલ્પતરૂ,
કામકુંભ અને કામધેનુથી પણ અધિક મહિમાવાળો છે.
આધ્યાત્મિક, આધિભૌતિક અને આધિદૈવિક -
ત્રણે પ્રકારની આપત્તિઓને દૂર કરવા અમોઘ મંત્ર છે.
તેના સ્મરણથી પાપ નષ્ટ થાય છે, બુદ્ધિ શુદ્ધ થાય છે,
નવનિધિ અને અષ્ટસિદ્ધિ હાથમાં આવે છે,
આરોગ્ય, બોધિ અને શ્રેષ્ઠ સમાધિ ઉપલબ્ધ થાય છે,
લૌકિક - લોકોત્તર બધા ભાતનાં સુખ સુલભ બને છે,
મલિનથી પણ મલિન આત્મા નિર્મળ બને છે અને
પતિતથી પણ પતિત આત્માનો ઉદ્ધાર થાય છે.
એના એક એક અક્ષરનું પણ ધ્યાન સાત-સાત સાગરોપમ
સુધી ભોગવાય, તેટલાં પાપના કર્મો નાશ કરે છે.

નમસ્કાર લાગુ પડે ત્યારે શું થાય ?

ભાવનમસ્કાર વડે સમાધિ સિદ્ધ થાય છે.
તે જીવોના જીવત્વ પ્રત્યે સ્નેહભાવ સ્વરૂપ છે.
જેમ દવા લાગુ પડે ત્યારે દર્દ ઓછું થાય,
તેમ નમસ્કાર લાગુ પડે ત્યારે અહંકાર જાય.
અહંકાર એ પાપનું મૂળ - નમસ્કાર એ ધર્મનું મૂળ છે.
બુદ્ધિ ખીલવવા અભ્યાસ અને તેનાં સાધનો જરૂરી છે,
તેમ ભાવનાઓને વિકસાવવા સત્સંગ, ભક્તિ જરૂરી છે.
ઈશ્વરભક્તિમાં શુદ્ધ ચૈતન્યનો સ્નેહ છે અને
ન્યાય, નીતિ, સદાચારમાં જીવનાં ચૈતન્યનો સ્નેહ છે.
નમસ્કાર પરમાત્માની આજ્ઞા સાથે જોડે છે, જ્યારે
અહંકાર એ આજ્ઞાથી અલગ કરે છે.
અહંકાર ઉપકારીઓને ઓળખવા દેતો નથી, જ્યારે
નમસ્કાર એ ઉપકારીઓને ભૂલવા દેતો નથી.
કર્મ એક પ્રકારનું ઋણ છે, નમસ્કાર ઋણમુક્ત કરે છે,
તેથી તે કર્મથી પણ મુક્ત કરે છે.

## નવકારમાં કોની ઉપાસના ?

વિષને અમૃત, શત્રુને મિત્ર, અગ્નિને જળ, પ્રતિકૂળને અનુકૂળ બનાવવાનું અદ્ભુત સામર્થ્ય નમસ્કારમંત્રમાં છે. તે મંત્રની આદિ કે અંતને કોઈ જાણતું નથી, કેમકે શાશ્વત છે, તેમાં માત્ર ગુણીની ઉપાસના છે. આત્માનો સંપૂર્ણ વિકાસ કરી ગયેલાં - કરી રહેલાંઓને નમસ્કાર છે.

## નવકારમાં પંચપરમેષ્ઠિ - પરમ તત્ત્વને નમસ્કાર

(૧) તલમાં તેલ, કમલમાં મકરંદ અને લોકમાં પંચાસ્તિકાયની જેમ પંચમંગલમહાશ્રુત સ્કંધ યાને નવકાર સકલ આગમોમાં વ્યાપીને રહેલો છે. તે યથાર્થ ક્રિયાનુગત સદ્ભૂત ગુણીના કીર્તનસ્વરૂપ છે અને યથેપ્સિત ફલને સિદ્ધ કરનાર પરમ સ્તુતિવાદ છે.

(૨) પરમ સ્તુતિ કોની કરવી જોઈએ?

સર્વ જગતમાં જે ઉત્તમોત્તમ હોય તેમની.

સર્વ જગતમાં જે કોઈ ઉત્તમોત્તમ થયાં, થાય છે અને જે કોઈ ઉત્તમોત્તમ થશે, તે અરિહંતાદિ પાંચ જ છે.

એ મોટામાં મોટું આશ્ચર્ય છે કે :

નવકાર વડે અખિલ બ્રહ્માંડના નાયક પરમેષ્ઠિભગવંતો
સાથે ક્ષુદ્ર જણાતો મનુષ્ય સ્નેહનો સંબંધ બાંધી શકે છે.

જડતત્ત્વની આસક્તિ ટાળવા અને
ચેતનતત્ત્વનો પ્રેમ વિકસાવવા નવકાર રૂપી રસાયણનું
સેવન - વારંવાર સેવન અત્યંત આદરણીય છે.

ધર્મના મૂળમાં સમકીત છે, તે દેવ-ગુરુને નમસ્કારરૂપ છે.
ઉપદેશ-યુક્તિ-દૃષ્ટાંત-સહવાસથી નમસ્કારગુણ વિકસે.

માતા-પિતાને નમસ્કાર તે સતતાભ્યાસ,
દેવ-ગુરુને નમસ્કાર તે વિષયાભ્યાસ અને
રત્નત્રયીને નમસ્કાર તે ભાવાભ્યાસ છે.

નમસ્કાર ક્ષમાધર્મ - દયાધર્મ - સ્નેહધર્મને વિકસાવે છે.
ચૈતન્યના બહુમાનસ્વરૂપ ઔચિત્ય એ ધર્મ છે.

ધર્મરૂપી મસ્તક અને મૂળ છેદાયા પછી સુભટ-વૃક્ષની
જેમ સુખ છેદાઈ જાય છે. મસ્તક અને મૂળ સમાન
ધર્મને નવપલ્લવિત રાખવા તેને નિત્ય નમન જરૂરી છે.

# સર્વ શ્રેષ્ઠ સ્વાધ્યાય - નવકાર

નવકાર મંત્ર વડે સર્વોત્તમ સ્વાધ્યાય થાય છે અને
તે વડે પાપકર્મના લેપ રૂપ મળનું પ્રક્ષાલન થાય છે.
સર્વ શાસ્ત્રોમાં પ્રથમ સ્થાન અને પછી દયાને કહેલ છે.
દયા એ આત્મસમદર્શિત્વના જ્ઞાનનું પરમ ફળ છે.

V.V. Imp.

જે સ્વાધ્યાય વડે સર્વ જીવોની સાથે
આત્મૌપમ્યભાવની વૃદ્ધિ થાય,
તે સ્વાધ્યાયને શાસ્ત્રોમાં સર્વોત્તમ કહેલ છે.
સ્વાધ્યાયનું અંતિમ ફળ આત્મજ્ઞાન છે.
આત્મજ્ઞાનનું ફળ દયા - ક્ષમાદિ ધર્મોની વૃદ્ધિ છે.

નવકારમાં જે પરમેષ્ઠિઓને નમન છે, તેઓ સર્વભૂત-પ્રાણી - સત્ત્વ - જીવોને આત્મતુલ્ય માનનારા અને તદનુરૂપ વર્તન કરી પરમ પદે પહોંચેલા હોવાથી તેમનું સ્મરણ આત્મજ્ઞાનના પરિપોષક છે, તેથી મોક્ષમાર્ગમાં સીધું ઉપકારક છે. તેમનું નામ ગ્રહણ કરનાર ભવ્ય જીવની ભવ્યતા પણ આત્મદ્રવ્યનો સહજ ગુણ છે.

'નમો અરિહંતાણં'નો પ્રધાન અર્થ એ છે કે:
પૂજવાને યોગ્યોને નમસ્કાર હો.
બધા અર્થોમાં આ અર્થ આદર્શ રહેવો જોઈએ.
જો કે અન્ય પરમેષ્ઠિઓ પણ
સાક્ષાત્ યા પરંપરાએ પ્રધાન પરમેષ્ઠિનું જ સ્વરૂપ છે.
પ્રધાન પરમેષ્ઠિ પોતે પંચ પરમેષ્ઠિરૂપે છે,
પરમેષ્ઠિની આજ્ઞાના આરાધનરૂપે યા તેના ફળસ્વરૂપે છે.
most worthy or most highest પદ ઉપર
પ્રધાન પરમેષ્ઠિ છે અને બાકી બધો તેમનો પરિવાર છે.
એ રીતની અર્થની વ્યવસ્થા સુયોગ્ય ગણાય.
'ભાવશત્રુઓને હણનાર' એ અર્થ પ્રધાન પરમેષ્ઠિની જેમ
દ્વિતીય, પંચમ આદિ પરમેષ્ઠિઓને પણ લાગુ પડે છે.
'અરિહ' શબ્દનું દ્વિતીયા એકવચન અરિહં થાય.
અકારાન્ત નામને દ્વિતીયા એકવચનનો અમ્ પ્રત્યય
લાગતાં અમ્‌નો અ લોપાય છે, તેથી દ્વિતીયા એકવચનમાં
અરિહં, અરહં, અરુહં - એમ રૂપો થઈ શકે છે.

## નવકાર જાપના આજના સંવેદનો

નવકારના જાપ કરતી વખતે વર્ણવિચ્યુતિ અને
અનાહત ધ્વનિની અત્યંત મધુરતા અનુભવાય છે.
ધ્યાનમાં સંપૂર્ણ સ્થિરતા અનુભવાય છે.
ધ્યાન વખતે આજે સર્વ દેવાધિદેવની અને
સદ્ગુરુઓની પરમ કૃપાનો સાક્ષાત્કાર થાય છે.
પૂ. હરિભદ્રસૂરિજીના ગ્રન્થોના આધારે
પ્રાયશ્ચિત ઈત્યાદિ લઈ અનુક્રમે અનુભવ દશા સુધીનું
સ્પષ્ટીકરણ આજે મહાન ઉપકારક બની રહ્યું છે.
'યોગગ્રન્થ'ના ભાવો તેમાં ઉતારી શકાય છે.
કૃતજ્ઞતા ગુણ એ પ્રથમ ગુણસ્થાનકની ટોચ છે તથા
પરોપકાર ગુણ એ છઠ્ઠા ગુણસ્થાનકની ટોચ છે.
ફલેચ્છાનો ત્યાગ કરવાથી અનંત ફળ મળે છે,
કર્તાપણાનો અહંકાર છોડવાથી મોક્ષસુખ મળે છે.
એકને કર્મચેતનાનો ત્યાગ અને બીજાને કર્મફલચેતનાનો
ત્યાગ કરે છે, એમ આજના જાપ પછી સમજાય છે.

## નવકાર ગણવા માટે ૪ પ્રકારનો જાપ

(૧) ભાષ્ય જાપ : સ્પષ્ટોચ્ચાર રૂપ વૈખરી વચનાદિથી નવકારમંત્રનો જપ કરવો, તેને 'ભાષ્યજાપ' કહે છે.

(૨) સારી રીતે ભાષ્યજાપ કર્યા પછી કંઠગતા મધ્યમા વચનાદિ જપ કરવો, તેને 'ઉપાંશુ જપ' કહેવાય છે. બીજા ન સાંભળી શકે પણ અંદરથી રટણરૂપ હોય, તે ઉપાંશુ.

(૩) ઉપાંશુ જાપ સિદ્ધ થયાં પછી હૃદયગતા પશ્યંતી વાણીથી જપ કરવો, એ 'માનસજાપ' કહેવાય છે. જે માત્ર મનની વૃત્તિઓ વડે જ થાય છે અને પોતે જ તેનો અનુભવ કરી શકે છે, તે માનસજાપ.

(૪) માનસ જાપ સારી રીતે સિદ્ધ થતાં નાભિગતા પરાવાણીથી જે જાપ કરાય, તે 'અજપાજાપ' કહેવાય છે. આ સ્થિતિમાં જપનો પ્રયત્ન કર્યા વિના પણ અખંડ જપ ચાલતો હોય છે અને તેથી શરીરના રોમરોમમાં ઈષ્ટ દેવનું રટણ ચાલુ રહ્યું હોય છે. આવો જાપ થતાં જાપકને અનિર્વચનીય સુખનો અનુભવ થઈ વિકારો નાશ પામે છે.

## પંચપરમેષ્ઠિની આજ્ઞા - મંગળરૂપ

અરિહંતાદિ પાંચેની આજ્ઞાને નમસ્કાર અથવા પોતાના આત્માના જ તે ભાવિ પર્યાયોને નમસ્કાર સકળમળરૂપ પાપનો નાશ કરે છે અને નિશ્ચલચૈતન્યરૂપ સ્વભાવનો વિકાસ કરવા રૂપ ઉત્કૃષ્ટ મંગળનો લાભ કરે છે.

આજ્ઞાપાલનનો પરિણામ એ મંગળ છે.

અર્હદાદિ આકારે ઉપયોગનું પરિણમન, તે મંગળ અને પાપક્ષયનો હેતુ છે, કેમકે અર્હદાદિ પરમેષ્ઠિઓ મૈત્ર્યાદિભાવ રૂપ છે. તે ભાવ શુભ હોવાથી તેમને અભેદભાવે થતો નમસ્કાર એ ભાવનમસ્કાર છે.

'પરમેષ્ઠિઓ ઉત્તમ દ્રવ્ય છે, ગિરિરાજ ઉત્તમ ક્ષેત્ર છે, પર્વતિથિઓ ઉત્તમ કાળ છે, ક્ષમાદિ ધર્મો ઉત્તમ ભાવ છે. એ ચારેની ઉત્તમતાના પ્રભાવે તેનું આલંબન લેનારના કર્મો ખપે છે' એમ માનવું, તે વ્યવહારનય છે.

તેમાં નિષ્ઠાંત થવાથી જ નિશ્ચયની ઉત્પત્તિ, સ્થિતિ અને કાર્યકારિતા સમજવાની છે.

## નમસ્કારભાવનું માહાત્મ્ય

સમર્પણ = સમ્યગ્ અર્પણ, સર્વાંશ અર્પણ.
કૃતજ્ઞભાવ, નિરીહભાવ, નિરાશંસભાવ તેના પર્યાય છે.
સમર્પણભાવ એ ધર્મનું પ્રધાન લક્ષણ છે તથા
નમસ્કાર એ કૃતજ્ઞતા અને નિરીહતાનું પ્રતીક છે.
લોકમાં પણ કૃતજ્ઞ અને નિરીહ જ સન્માનપાત્ર બને.
નમસ્કાર્ય જે કહે, કરે - તે પ્રત્યે આદર,
તે કરવાની વૃત્તિ, તેને સૂચવનાર પદ તે નમસ્કાર.
નમસ્કાર વિનાનાં તપ - જપ તે બધું અહંકાર છે.
અહંકાર જીવનો શત્રુ છે,
જીવના ગુણોનું આવરણ - રાગદ્વેષયુક્તતા છે,
તેનું નિવારણ નમસ્કારથી થાય છે.
નમસ્કાર એક પ્રકારની પ્રપત્તિ - શરણાગતિ છે.
તેમાં અનુકૂળતાનો સંકલ્પ છે, પ્રતિકૂળતાનો ત્યાગ છે,
સંરક્ષણનો વિશ્વાસ છે, અનન્યતાનું ભાન છે ઉપરાંત
આત્માનું વેદન અને દીનતાનું સંવેદન છે.

## અંત સમયે પરમ હિતકારી ત્રણ વસ્તુ

(૧) સર્વ જીવરાશિ સાથે ક્ષમાપના

(૨) સર્વના હિતની ભાવના (૩) નવકાર મહામંત્રનો જાપ.

નવકારના જાપ માટે જરૂરી પાંચ વસ્તુઓ:

(૧) નિશ્ચિત સમય (૨) નિશ્ચિત આસન (૩) નિશ્ચિત દિશા

(૪) નિશ્ચિત માળા અને (૫) નિશ્ચિત સંખ્યા.

આ નવકાર મહામંત્રના જાપથી મૈત્રીભાવ વિકસે છે.

## મૈત્રીભાવનાના ચાર પ્રકાર

(૧) ઉપકાર મૈત્રી એટલે એમ ચિંતવવું કે:

'પોતાના ઉપર ઉપકાર કરનાર સુખી રહો.'

(૨) સ્વકીય મૈત્રી એટલે એમ ચિંતવવું કે:

'પોતાનાં સગાં - સંબંધી સુખી રહો.'

(૩) સ્વપ્રતિપન્ન મૈત્રી એટલે એમ ચિંતવવું કે:

'આશ્રિત નોકર - ચાકરાદિ સુખી રહે.'

(૪) વિશ્વમૈત્રી એટલે એમ ચિંતવવું કે:

'જગતના સર્વ જીવો સુખી રહો.'

નમસ્કાર એ નવમું પુણ્ય છે.

તેનાથી જે ચિત્તશુદ્ધિ થાય, તે મનઃપુણ્ય છે. મન પવિત્ર
થવાથી વચન મધુર થાય અને કાયા પરાર્થપ્રવૃત્ત થાય છે.
તે અનુક્રમે વચનપુણ્ય તથા કાયપુણ્ય છે.
નમસ્કાર ગણનારનું ધન પણ સત્પાત્રમાં વપરાય છે, તેથી
તેને અન્નપુણ્ય, વસ્ત્રપુણ્ય, પાનપુણ્ય, આસનપુણ્ય,
શયનપુણ્ય વગેરે નવે નવ પુણ્યોનો લાભ થાય છે.
જીવરૂપી હંસને વિશ્રાંતિસ્થાન ઇષ્ટનો નમસ્કાર છે.
પરમાત્મતત્ત્વને છોડીને બીજા કોઈ સ્થળે
જીવને શાંતિ મળતી નથી, કેમકે
તે બધું અનિત્યરૂપ છે, દુઃખરૂપ છે, અનાત્મસ્વરૂપ છે.
એક આત્મતત્ત્વ જ નિત્ય હોવાથી જીવને સુખસ્વરૂપ છે.
ઇષ્ટ નમસ્કારમાં એક બાજુ જીવલોક પ્રત્યે
હિતપરિણામ વિકસતો હોવાથી પુણ્યનું અંગ બને છે,
બીજી બાજુ નિજ શુદ્ધ આત્મતત્ત્વમાં રમણતા થવાથી
તે સ્વાધીન - અવ્યાબાધ સુખનું કારણ થાય છે.

# ચૂલિકા સહિત પંચ મંગલ

નમસ્કારભાવ એટલે સ્નેહભાવ, આદરભાવ, પૂજ્યભાવ.
એ સર્વ ભાવ કોના ઉપર? પ્રભુની આજ્ઞા ઉપર.
આજ્ઞા, આજ્ઞાપાલક અને આજ્ઞાનું ફળ પ્રાપ્ત કરનાર,
એ ત્રણે ત્રણ ઉપર નમસ્કારનો આ ત્રિધાર સ્નેહભાવ
અભિવ્યક્ત થાય છે, તેથી ચૂલિકા સહિત પંચ મંગલ
એ પૂર્ણ નમસ્કાર બને છે.

આજ્ઞા ષડ્જીવનિકાય હિતસ્વરૂપ છે, તેથી નમસ્કાર
દ્વારા સર્વ જીવનિકાય ઉપર સ્નેહભાવ કેળવાય છે.

નવકારની આરાધના કોઈ ફળની પ્રાપ્તિ માટે નહિ પણ
'આરાધના પોતે જ ફળ છે' એમ માનીને
થતી આરાધના મુક્તિદાયક છે, પરમનિર્જરાનો હેતુ છે,
એને જ નિર્નિદાન - નિરાશંસ - શુદ્ધ ભાવ કહેવાય છે.

નવકાર લાગુ પડે એટલે અહંકાર ઓગળી જાય.

નવકારમહામંત્રમાં ચૈતન્યમાત્રનો સ્નેહ સમાયેલો છે.
અરિહંત અને સિદ્ધ એ ષડ્જીવનિકાય હિતસ્વરૂપ છે.

# નવકાર મહામંત્રનું દિવ્ય તેજ શું કરે?

નવકાર મહામંત્ર એ બધાં અશુભ ચિત્તમોહ છોડાવી
શુભ ચિત્ત દ્વારા નિર્વિકલ્પમાં લઈ જાય છે.
નિષ્કામ ભાવથી એક લાખ નવકારનો જાપ થાય,
તે સાક્ષાત્ તીર્થંકર પદને પમાડે છે. આઠ કરોડ, આઠ
હજાર, આઠસો અને આઠ વાર તેનો વિધિપૂર્વક
જાપ કરનાર ત્રીજા ભવમાં મોક્ષ મેળવે છે.

તથાભવ્યત્વ - પરિપાકાદિના પરમાર્હન્ત્ય -
મહિમોપયોગપૂર્વં સિદ્ધિગમનાર્હેભ્યોऽર્હદ્ભ્યઃ નમઃ।
નમસ્કારો દ્રવ્યતો ભાવતશ્ચ મદીયો ભવતુ।
બહુવચનં સર્વકાલિકાર્હત્ - પ્રતિપત્ત્યર્થમ્। અર્થઃ
તથાભવ્યત્વાદિના પરિપાક દ્વારા પરમ આર્હન્ત્યના મહિમાના
ઉપયોગપૂર્વક મોક્ષે જનારા અરિહંતોને નમસ્કાર થાઓ.
મારો નમસ્કાર દ્રવ્યથી અને ભાવથી બંને પ્રકારે હો.
અહીં 'અર્હદ્ભ્યઃ' શબ્દ બહુવચનનો પ્રયોગ છે,
તે સર્વ કાળના અરિહંતોનો સમાવેશ કરવા માટે છે.

## શ્રી નવકાર મહામંત્ર દ્વારા અનાહતમાં પ્રવેશ

કાળનું અધિષ્ઠાન પ્રભુ છે.

પ્રભુ વડે કાળનો ગ્રાસ - પાદ વડે પ્રભુનો ગ્રાસ થાય છે. 'પાદ' એટલે નામસ્તવ. સ્તવ એ વર્ણસ્વરૂપ છે. વૈખરી - મધ્યમા - પશ્યંતી - પરા, એમ વર્ણ ૪ પ્રકારે છે. વૈખરી અને મધ્યમા જ્યારે પશ્યંતી તથા પરામાં જાય છે, ત્યારે તે અનાહત સ્વરૂપ બની જાય છે. પાદ વડે અનાહતમાં પહોંચાય અને અનાહતથી અવ્યક્તમાં જવાય.

અનાહતમાં જવું તે બ્રહ્મવિહાર છે અને અવ્યક્તમાં જવું તે સ્વરૂપ પ્રતિષ્ઠાન છે.

અનાહત સામાન્ય છે, તો અવ્યક્ત વિશિષ્ટ છે.

પાદમાંથી નાદમાં અને નાદમાંથી અવ્યક્તમાં જવાતું હોવાથી કાયોત્સર્ગમાં 'પાએસમા ઊસાસા |' કહ્યા છે. એક પાદ = નામસ્તવની ગાથાનો ૧/૪ ભાગ. તે સ્તવરૂપ હોવાથી વર્ણસ્વરૂપ છે. વર્ણ અનાહતનાદની જ અભિવ્યક્તિ હોવાથી તે વડે અવ્યક્તને પામવાનો માર્ગ ખુલે છે.

## નમસ્કાર મહામંત્રનું વ્યાખ્યાવિધિ

(૧) અધ્યયન = ચિત્તને જે સારી રીતે અધ્યાત્મવાળું બનાવે, સારી રીતે અધ્યાત્મ તરફ ખેંચી જાય, બોધ-સંયમ અને મોક્ષનો અધિક લાભ કરાવે, તે અધ્યયન.

(૨) પદ = અંતે વિભક્તિ હોય અથવા જે અર્થનું વાચક યા દ્યોતક હોય, વળી શબ્દોનો સમૂહ હોય, પદ્યનો ચોથો ભાગ અને અર્થની પરિસમાપ્તિવાળું વાક્ય હોય તે.

(૩) પદચ્છેદ = સામાસિક પદોનું વિશ્લેષણ અથવા વિગ્રહ, તેને પદચ્છેદ યા પદવિચ્છેદ પણ કહે છે.

(૪) આલાપક = એક સંબંધવાળા વાક્યોનો સમૂહ.

(૫) અક્ષર = જે માત્રાદિ ક્ષરે અર્થાત્ ખરે નહિ તે અથવા વર્ણ અથવા સ્વર - વ્યંજન વગેરે.

(૬) માત્રા = વર્ણના ઉચ્ચારણનો કાળ - સમય.

(૭) બિંદુ = આનુનાસિક ઉચ્ચારણ દર્શાવતો અનુસ્વાર, જે વાક્યના કોઈપણ અક્ષરની ઉપર મૂકાતો હોય છે.

(૮) ચૂલા = અલંકાર અથવા શિખર. શ્રુતનું વિભૂષણ

અથવા તો શ્રુતપર્વત ઉપર શિખરના માફક શોભે તે.
મૂળસૂત્રમાં ન જણાવેલા હકીકત જણાવે અથવા
ગ્રન્થનું પરિશિષ્ટ તે ચૂલિકા.

'અરિહંત' એટલે ત્રણ દંડથી રહિત.
'તિવિહેણ તિદંડ વિરયાણં ।' આદિ
ત્રણ દંડથી રહિતને ત્રણ યોગથી નમું છું.

અરિહંતો જીવ સમૂહ રૂપ ગાયોને મરણ વગેરે ભયથી બચાવી નિર્વાણ સ્વરૂપ વનમાં લઈ જાય છે.

अरहंत, अरिहंत, अरुहंत, अरहर्न्त, अरहोन्ताः,
अरहयद्भ्यः, अत्यजद्भ्यः, अगच्छद्भ्यः, अतिष्ठद्भ्यः।
अरथान्तेभ्यः, अरजमानेभ्यः।
अरिणामान्तेभ्यः धर्म च क्रोणोत्कर्षः।

ઇંદ્રિય, વિષય, કષાય, પરિષહ, વેદના, ઉપસર્ગ, રાગ, દ્વેષ તથા કર્મરૂપી શત્રુઓને હણનારા છે, માટે 'અરિહંત'.
હિતાદિ જેના વડે પ્રાપ્ત કરાય, તે અરિહંત છે. તે હિત કરવા સમર્થ હોવાથી મંગલરૂપ, એકાંતિક, આત્યન્તિક છે.

## 'अरिहंत'ना शब्दार्थमां रहेल १२ गुणनुं रहस्य

(१) अरिहंत = कर्म - कषायादिने हणनारा.

(२) अरहंत = बाह्यांतर लक्ष्मीथी शोभतां.

(3) अरुहंत = जन्ममरण जेवी व्याधि जेमने फरी नथी.

(४) अरहांत = पूज्योमां उत्कृष्टपणे पूजनीय छे ते.

(५) अरहोन्त = गुप्त देश के अंतर जेमने नथी ते.

(६) अरथान्त = जेमने परिग्रह अने विनाश नथी ते.

(७) अरुन्धद्भ्यो + अरहद्भ्यः = जे उच्च आत्माओ कर्मना आवरणना अभावे अवरोध विनाना छे ते.

(८) अरि + हंत = जेओ धैर्यत्व वडे शोभतां रहे छे अथवा सर्व विनाशक शस्त्रोनो त्याग करनारा छे ते.

(९) अरि + हंत + अत्यजद्भ्यः (आत्मस्वभावं) = आत्मस्वभावनो त्याग न करनारा जेओ छे ते.

(१०) अगच्छद्भ्यः (आसक्तिं) = क्यांय आसक्त न थनारा.

(११) अतिष्ठद्भ्यः (भव मध्ये) = संसारमां नहीं रहेनारा.

(१२) अरहन्ता = सर्व जीवोना तारणहार के रक्षणहार.

## સિદ્ધ ભગવંતો કેમ નમસ્કરણીય ?

(a) નિષ્પ્રકંપ શુક્લધ્યાન આદિના અચિન્ત્ય સામર્થ્યથી સ્વજીવ વીર્યરૂપ 'યોગનિરોધ' નામના મહાપ્રયત્ન વડે પરમ આનંદરૂપ, મહાઉત્સવરૂપ અને મહાકલ્યાણરૂપ નિરૂપમ સુખો જેમને સિદ્ધ થયાં છે, તે સિદ્ધ.

(b) ધ્યાનરૂપી અગ્નિથી દીર્ઘ સ્થિતિવાળું
૮ પ્રકારનું બાંધેલું કર્મ ભસ્મીભૂત કર્યું છે,
તે સિદ્ધ ભગવંતોને વંદન હો.

(c) સકલ પ્રયોજન સર્વ કાર્યો જેમનાં સિદ્ધ થયાં છે, તે તીર્થ - અતીર્થ, જિન - અજિન, ગૃહીલિંગ, અન્યલિંગ અને સ્વલિંગ સિદ્ધ, સ્ત્રી, પુરુષ અને નપુંસકલિંગ સિદ્ધ, સ્વયંસંબુદ્ધ, બુદ્ધબોધિત અને પ્રત્યેકબુદ્ધ સિદ્ધ, એક અને અનેક સિદ્ધ - એમ પંદર ભેદે સિદ્ધ થયેલાને વંદન હો.

(d) મોક્ષનગરમાં ગયેલા, કૃતાર્થ થયેલા, શાશ્વતપણાને - માંગલ્યપણાને, નિત્યસ્થિતિ - પરમ પ્રસિદ્ધિને પામેલા સિદ્ધો.

**આચાર્ય ભગવંતો કેમ નમસ્કરણીય ?**

પંચાચારનું આચરણ કરનારા તથા ઉપદેશ દેનારા,
સ્વપરના અને શિષ્યના સમુદાયના હિતને આચરનારા,
પ્રાણાન્તે પણ પૃથ્વીકાયાદિ જીવોનો વધ નહિ કરનારા,
નહિ કરાવનારા અને ન અનુમોદન આપનારા,
અપરાધી ઉપર પણ કોપ ન કરનારા,
ઉપદેશના અર્થી આત્માઓ વિનય અને
મર્યાદાપૂર્વક જેમની સેવા કરે છે, તેમ અને
આચારાદિનો ઉપદેશ કરનારા એવા ઉપકારી એવા
આચાર્ય ભગવંતો નમસ્કરણીય છે.

**ઉપાધ્યાય ભગવંતો કેમ નમસ્કરણીય ?**

દ્વાદશાંગ શ્રુતનું સ્વર, વ્યંજન, માત્રા, બિંદુ, પદ
અને અક્ષરથી વિશુદ્ધ એવા અધ્યયન - અધ્યાપન વડે
સ્વપરના મોક્ષના ઉપાયનું ધ્યાન કરનારા,
મન - વચન - કાયાના શુભ યોગોમાં ઉપયોગપૂર્વક
પ્રવૃત્તિ કરવા વડે આશ્રવના દ્વારોને રૂંધનારા,

ઉ = ઉપયોગ વડે, વ = પાપનું પરિવર્જન કરવા વડે અને જ્ઝ = ધ્યાન વડે કર્મોને દૂર કરનારા, ઉપયોગપૂર્વક પાપને છોડતાં ધ્યાના[3]રૂઢ થઈને કર્મનો નાશ કરનારા.

ઉવ = ઉપયો[4]ગપૂર્વક, ઝા = ધ્યાન કરનારા.

જેમની પાસે જઈને સૂત્રોનું અધ્યયન, અધિકપણે ચિં[5]તન અને સ્મરણ કરવામાં આવે છે, તે ઉપાધ્યાયો.

જેમની ઉપાધિસંનિધિમાં રહેવાથી શ્રુતજ્ઞા[6]નનો આય = લાભ થાય તે અથવા ઉપાધિ = સુંદર વિશેષણો યા પદવી[7]ઓનો જેમની સંનિધિમાં લાભ થાય તે.

આધિ = માનસિક પીડા, અધિ = કુબુદ્ધિ - એ બં[8]ને જેઓએ ઉપહત કર્યાં છે, તે ઉવજ્ઝાયો છે.

સુસંપ્રદાય - પ્રતિષ્ઠિત પરંપરાથી પ્રાપ્ત જિનવચનનું ભવ્ય જીવોને અધ્યાપન દ્વારા વિનીત બનાવવાનો ઉપકાર કરનારા રોચક ઉવજ્ઝાય ભગવંતો નમસ્કરણીય છે.

સાધુ ભગવંતો કેમ નમસ્કરણીય ?

વ્રત, નિયમ, પરિષહ, ઉપસર્ગ આદિ સહીને મો[9]ક્ષને

સાધે જે મોક્ષ[2]સાધક જ્ઞાનાદિ શક્તિઓને સાધે, તે સાધુ.

સાર્વ = સર્વને હિત કરનારા, સર્વ શુભયોગોને સાધનારા.

સવ્વ = સર્વજ્ઞ ભગવંતના સાધુ - શ્રમણો,

શ્રવણ કરવા યોગ્ય જીવાદિ તત્ત્વોને વિષે સાધુ.

સર્વને વિષે સમાન ભાવ ધારણ કરનાર સાધુ - શ્રમણો.

સર્વ પ્રાણીઓ પ્રત્યે સમ[3]ભાવને ધારણ કરે,

જે સંયમપા[4]લન કરનારાઓને સહાય કરે,

સર્વ ક્ષેત્ર, સર્વ કા[5]ળ, સર્વ કાળમાં રહેલા જ્ઞાન - દર્શન - તપ - સંયમ સાધનારા સર્વ લોકમાં રહેલા સાધુઓ. સર્વ પદાર્થોનું યથાવસ્થિત સ્વ[6]રૂપ જાણીને નિરૂપણ કરવા દ્વારા સર્વને હિતકારી તથા જીવ - અજીવ સર્વ પદાર્થોનું યથાર્થ નિ[7]રૂપણ કરવા દ્વારા ન્યાય કરનારા, 'સાર્વ' સર્વજ્ઞના સાધુ, સંપૂર્ણ આજ્ઞાપાલન દ્વારા અરિહંતોનું આરાધન કરનારા, દુર્નયને દૂર કરવા દ્વારા સર્વ જિનેશ્વરોના સિદ્ધાંતનું પ્રતિષ્ઠાપન કરનારા તે

સાર્વ સાધુ, સવ્વ સાધુ, શ્રવ્ય સાધુ આદિ

સર્વ શુભયોગોને સાધનારા[20] સર્વ સાધુ,
સર્વજ્ઞ ભગવંતના વચનને[21] આરાધનારા તે સાર્વ સાધુ,
અનુકૂળ કાર્યોમાં નિપુણ[22] તે સવ્ય સાધુ અને
શ્રવણ કરવા યોગ્ય વાક્યોમાં નિપુણ તે શ્રવ્ય સાધુ
મોક્ષના માર્ગમાં ઉપકાર કરનાર હોવાથી વંદનીય છે.
દ્રવ્ય ઉપરાંત ભાવમંગળોમાં પ્રધાનહિત કરવામાં અને
અહિત હરવામાં સમર્થ એવા
અરિહંતાદિની સ્તુતિ તેથી એકાંત-અત્યંત હિતકર છે,
આ લોક તથા પરલોકમાં ઉત્તમ ફળદાયક છે.

## તાત્ત્વિક નમસ્કારમાં શું વિશિષ્ટ છે?

તેમાં આત્મા અને પરમાત્માની એકતાનું ભાન છે.
'તત્ત્વથી અરિહંત પરમાત્માનો અને
જીવમાત્રનો શુદ્ધાત્મા અભિન્ન છે,
બંનેનું સ્વરૂપ એક જ છે, તેમાં લવલેશ ભેદ નથી.'
એ શ્રદ્ધા અને ભાવપૂર્વક એકત્વનું ભાન કરવું,
તે તાત્ત્વિક નમસ્કાર છે.

# <u>શીલમંત્ર તથા ભાવમંત્ર</u>

નવકાર અને ઉવસગ્ગહરં સૂત્ર એ શીલમંત્ર છે, તેથી
આ કાળમાં અવશ્ય ફળે છે,
ભાવમંત્ર માટે તે નિયમ ન સમજવો.

<u>નવકારનો સંબંધ આંતરજગત સાથે છે.</u>

તેનાથી હૃદયના અશુભ ભાવો ક્ષય પામે છે અને
અધિક મંગળમય શુભ ભાવો પ્રકટ થાય છે.
અરિહંતને નમસ્કારથી ભાવમાર્ગની પ્રાપ્તિ થાય છે.
અરિહંત નમસ્કાર વડે અરિહંત પદ સાથે ધ્યેયતા,
ધ્યાન અને તન્મયતા થાય છે. સાધકના લક્ષ્યપૂર્વક થતી
ક્રિયા એ રસપૂર્વક થતી ક્રિયા છે.
મન, વચન, કાયા - ત્રણેથી ભાવિત
નમસ્કાર એ 'ભાવ' નમસ્કાર છે.
૧૦૮ પ્રકારના આચારોના જ્ઞાન-પાલનમાં કુશળ હોય,
તે ભાવ આચાર્ય છે. આ આચાર ગુણનું પ્રણિધાન
આચાર્ય નમસ્કારમાં, સાધુ નમસ્કારમાં હોવું જોઈએ.

અરિહંતોનો મેઘગંભીર ધ્વનિ, સિદ્ધોનું અતીન્દ્રિય-અવિનાશી રૂપ, આચાર્ય (ઉપાધ્યાય - સાધુ)ના સદાચારની સુવાસ, ઉપા.નો સ્વાધ્યાયરસ અને સાધુની સંયમ ચર્યાનો સ્પર્શ અલૌકિક સ્પર્શાદિના આકર્ષણને શમાવે છે. મોક્ષ મધ્યે ગયેલા અનંતાનંત પુણ્યાત્માઓના આત્મબળના વારસ રૂપે આ નમસ્કાર મહામંત્રના અક્ષરો વહ્યાં છે. તે પ્રત્યેક વર્ણ દિવ્યશક્તિવારસ છે, અનાદિસિદ્ધ છે.

પરમેષ્ઠિ સ્મરણ = આત્મશુદ્ધિનું સ્મરણ.

આત્મશુદ્ધિનું સ્મરણ એટલે...

મોક્ષ યા નિર્વાણનું સ્મરણ.

આ નમસ્કાર મહામંત્ર જે રીતે જીવનના અંત પ્રત્યે લઈ જાય છે, માટે તેને પરમ યા પ્રવર મંત્ર માન્યો છે. ભગવાનને હૃદયમાં લાવવા તેમની આજ્ઞા માનવી પડે. આજ્ઞા દ્વારા જ ભગવાન હૃદયમાં આવી વસે છે.

સાચું ભજન ભગવાનની અખંડ સ્મૃતિ અને તેઓની આજ્ઞાના આરાધનાથી શક્ય છે.

# નવકાર મહામંત્રમાંથી ઉદ્ભવેલ મંત્રરત્નો

નમો = 'નાહં' 'ન મમ' = દયા - ક્ષમા = ધર્મરાજાનો મંત્ર.

અહં અને મમ - એ તંગ વસ્ત્રો છે.

તેને ઢીલા કરનારા દયા અને ક્ષમા છે.

દયા વડે 'અહં' અને ક્ષમા વડે 'મમ' શિથિલ થાય છે.

અરિહંતાણં = શુદ્ધાત્મ દ્રવ્યોઽહં - શુદ્ધ જ્ઞાનાદિ ગુણ:.

'હું શરીર નહિ અને શરીરના ધર્મો મારાં નહિ, પરન્તુ હું શુદ્ધ આત્મા છું, આત્માના જ્ઞાનાદિ ગુણો મારાં છે.' એ મોહના પ્રતિપક્ષી ધર્મમહારાજાનો પ્રબળ મંત્ર છે. એનું જ નામ 'નમો અરિહંતાણં ।' મંત્ર છે. એમાંથી જ 'ૐ અર્હં' ઇત્યાદિ મંત્રો - મંત્રરત્નો ઉત્પન્ન થયેલાં છે.

'ત્રયમેકત્ર સંયમઃ ।' એટલે...

એક વિષયમાં ધારણા - ધ્યાન - સમાધિ અથવા

દર્શન - જ્ઞાન - ચારિત્ર તે 'સંયમ' છે.

પંચ પરમેષ્ઠિઓના ૧૦૮ ગુણો અને

આધ્યાત્મિક વિભૂતિ નિજના શુદ્ધાત્મદ્રવ્યનો પ્રભાવ છે.

તેમનું નામ ગ્રહણ કરનાર ભવ્ય જીવની ભવ્યતા પણ
આત્મદ્રવ્યનો સહજ ગુણ છે. એ રીતે શુદ્ધાત્માનાં ઘણું
આત્મદ્રવ્યનું મિલન એ સહજ સમાધિ છે અને
પરમાત્મ સમાપત્તિ પણ તે જ છે.
'त्रयमेकत्र ।' સંયમ પણ સત્ય - તે જ છે.

<u>નવકારનું કયું પદ શું આપે ?</u>

(૧) नमो अरिहंताणं । માર્ગ
(૨) नमो सिद्धाणं । અવિપ્રણાશ
(૩) नमो आयरियाणं । આચાર
(૪) नमो उवज्झायाणं । વિનય
(૫) नमो लोए सव्वसाहूणं । સહાય
(૬) एसो पंच नमुक्कारो । ઉન્નતિ
(૭) सव्व पावप्पणासणो । ભવભય - પાપભય ટાળે
(૮) मंगलाणं च सव्वेसिं । વશીકરણ
(૯) पढमं हवइ मंगलं । પ્રભુભક્તિ - ભગવદ્‌ગુણગાન.

જાતે તે જૈન નથી, જૈનને જાણે તે જાણકાર.

જૈનધર્મનું તત્વ ઇંદ્રિયો - મનોવિકારોને જીતવામાં અને
બ્રાહ્મણધર્મનું તત્વ વિશ્વની વિશાળતા આત્મામાં ઉતારવામાં છે,
માટે સાચા જૈન થયાં વિના બ્રાહ્મણ થવાતું નથી તથા
સાચા બ્રાહ્મણ થયાં વિના જૈન થવાતું નથી.

જૈન અને બ્રાહ્મણ - એ બન્ને પર્યાય શબ્દો છે.

યોગ = પ્રભુતાપ્રાપ્તિ માટે સભાન - સતત પ્રયત્ન કરવો.

યોગનું લક્ષ્ય મનને શાંત કરવાનું છે કે જેથી
મનથી પર એવા આત્માનું શુદ્ધ સ્વરૂપે દર્શન કરી શકાય.

ઇંદ્રિયદમન - મનનું નિયંત્રણ કરવા નિયમિત ધ્યાન કરો.

જીવો ધારણા અને ધ્યાન ભૂલી ગયાં છે,
તેથી જ અજ્ઞાન રૂપી અંધકારમાં ભટકી રહ્યાં છે.

મહાપાપ કયું ? એનો પ્રતિકાર કઈ રીતે ?

નમસ્કાર કરવાની સામગ્રી મળી છે, તેનો આભાર ન
માનવો એ મહાપાપ છે. તેનો પ્રતિકાર ભાવનમસ્કાર
વડે જ શક્ય છે. માનવમન કે જે વડે ભાવનમસ્કાર
શક્ય છે, તેની પ્રાપ્તિ થવી, એ જ મોટામાં મોટું લાભ છે.

## નવકારમંત્ર સર્વની આદિમાં શા માટે ?

એમ સર્વ વિદ્યા અને મંત્રોની સિદ્ધિ નમસ્કારના ધ્યાનની સિદ્ધિ થવાથી થાય છે, એ રીતે નવકારમંત્ર સર્વની આદિમાં ગણાય છે, તેનું કારણ સર્વ કર્મોમાં શિરોમણિભૂત મોહનીય કર્મ છે, તેનો ક્ષય કરવાનું અસાધારણ કારણ નમસ્કારમંત્ર છે. મોહનીયમાં પણ માનમોહનીય માનવને સર્વ દુરિતોમાં શિરોમણિભૂત છે. તેનો નાશ કરવાનું સામર્થ્ય નમસ્કાર મંત્રમાં છે, તેથી તે સર્વ મંત્રોમાં શિરોમણિભૂત ગણાય છે. મદ-માનનો ક્ષય વિનય તથા નમ્રતાગુણથી જ સધાય છે. એ સિવાય સર્વ પ્રયત્નો તે જ દોષને વધારનારા જ થાય છે. મદ અને માનનો નિગ્રહ વિનય અને નમ્રતા વડે થયાં બાદ અન્ય મંત્રોથી જે વિદ્યા અને શક્તિ મળે છે, તે મોહનીય અને અન્ય પણ કર્મોનો અધિક-અધિક ક્ષય કરવા સમર્થ થાય છે, તેથી નમસ્કારની સિદ્ધિમાં જ અન્ય સર્વ શાસ્ત્રોની, મંત્રોની તથા વિદ્યાઓની સિદ્ધિ

માનેલા છે, તે યથાર્થ છે, તેથી જ નમસ્કારમહામંત્રની આરાધનામાં મુમુક્ષુ આત્માઓએ સર્વ પ્રકારે ઉદ્યમ કરવો જોઈએ અને એ મંત્રની સિદ્ધિ કરીને સકલ કર્મનો ક્ષય સાધવો જોઈએ.

મંત્રસાધનામાં દ્રવ્યક્રિયા કરતાં પહેલાં ભાવક્રિયા ટંકશાળ કરવાની હોય છે, ઈતરો તેને 'અઘમર્ષણ' કહે છે.

સૂરિમંત્રમાં પણ અઘમર્ષણ દર્શાવ્યું છે.

નમસ્કારમંત્રનો જાપ કરવા પહેલાં પણ આધ્યાત્મિક શુદ્ધિ અનિવાર્ય છે, તે માટે કષાયનિવારણના ૬૪ પ્રકાર દર્શાવ્યા છે, તે પણ એક પ્રકારનું અઘમર્ષણ જ છે. ૨૪ મહાવિદ્યાની સિદ્ધિ મેળવવા જાપના પ્રયોગો થાય, તે દ્રવ્યવિધાન અને તેના પૂર્વસેવા - પ્રાગ્ભૂમિકા માટે કષાયનિવારણના પ્રયોગ તે ભાવવિધાન સમજાય છે.

નમસ્કારના જાપથી શુદ્ધિ વધે છે,

તેથી સત્ત્વગુણનો હ્રાસ અને કૃતજ્ઞતા - નમ્રતાદિ વડે સત્ત્વ પરીક્ષા તથા ભવ્યત્વભાવનો વિકાસ થાય છે.

'પાપ' એ મૃગલું છે, 'આત્મશક્તિ' એ સિંહ છે.
સાધ્ય અને સાધક - ઉભયદશાનું સ્મરણ કરાવનાર શ્રી પંચમંગલ મહાશ્રુતસ્કંધ છે. ઇંદ્રિયો ભોગાભ્યાસ માટે નહિ પણ રૂપરસાદિ પુદ્ગલ ધર્મોનું જ્ઞાન મેળવવા માટે મળી છે. તેનાથી તું જ્ઞાન મેળવી જ્ઞાની બનજે અને એ જ્ઞાનનો ઉપયોગ વૈરાગ્ય પ્રકટાવવા કરજે. અધિક ગુણવાનને નમવાની વૃત્તિ પાત્રતા પ્રકટાવે છે અને પાપરાશિને ખપાવે છે.

નમસ્કારમાં પરસ્પરોપગ્રાહકતાનો સ્વીકાર છે,
તેથી તે તત્ત્વને અનુસરે છે.
અહંકારમાં બાકી સૌ જીવો પ્રત્યે તિરસ્કાર છે,
તેથી અહંકાર એ તત્ત્વથી પરાઙ્મુખ બને છે.

નમસ્કારથી મોક્ષ, અહંકારથી નિગોદ. નમસ્કાર કરનાર પરસ્પરોપગ્રહને માને છે, તેથી તે તત્ત્વને અનુસરે છે. અહંકાર કરનારો બીજાનો તિરસ્કાર કરીને અનંતાનંત તરફથી જ્યાં જ્યાં તિરસ્કાર છે, ત્યાં પહોંચી જાય છે.

## નમવાની ક્રિયા મહત્વની કેમ?

V.V. Imp. (૧) નમવું એટલે પાપથી ખાલી થવું.

(૨) નમવું એટલે ગુણથી ભરપૂર બનવું.

(3) નમવું = ભક્તિ વડે પરમાત્મશક્તિ સાથે જોડ થવું.

નમનની ક્રિયા આત્મઘરને પાપથી ખાલી કરવાની ક્રિયા છે, જે ધર્મને પોતામાં પ્રવેશ કરાવવાની તત્પરતાસૂચક છે.

નમવાથી ભવભક્તિ અને પરમાત્માની અચિન્ત્યશક્તિનો સુમેળ થવાથી આત્મામાં ભાવધર્મનો પ્રવેશ સુલભ બને.

કોઠારનું ધાન્ય છે, તેથી વધતું નથી પણ ક્ષેત્રનું બીજ વૃક્ષરૂપ બની પત્ર, પુષ્પ અને ફળ આદિ આપે છે. તે ન્યાય નમસ્કાર કરનાર જીવને પણ લાગુ પડે છે. જે યોગ્યતા અંતરમાં છે, તેને વિકસાવનાર નમસ્કાર છે.

મનની મલિનતાનું કારણ સ્વાર્થભાવ છે અને ચંચળતાનું કારણ પરપદાર્થ પ્રત્યે આસક્તિભાવ છે.

સ્વાર્થભાવ એ પરાર્થભાવ વડે નાશ થાય છે અને આસક્તિભાવ એ વૈરાગ્યભાવ વડે નાશ છે.

# અહંકાર વિરુદ્ધ નમસ્કાર

નમસ્કાર પરમાત્મઆત્મા સાથે આપણું જોડાણ કરે છે,
જ્યારે અહંકાર એ આત્માથી આપણને અલગ કરે છે.
કર્મ = એક પ્રકારે ઋણ, નમસ્કાર = ઋણમુક્તિની ક્રિયા.
તેથી નમસ્કાર કર્મથી ઋણ મુક્ત કરે છે.

નમસ્કાર ઉપકારીઓને ભૂલવા દેતો નથી,
જ્યારે અહંકાર ઉપકારીઓને ઓળખવા દેતો નથી.
નમસ્કાર મૈત્ર્યાદિ ભાવો સ્વરૂપ છે, તેથી મોક્ષમાર્ગ છે.
અહંકાર એ પાપનું મૂળ છે, કારણ કે તેમાં ક્રૂરભાવ છે.
નમસ્કાર એ ધર્મનું મૂળ છે, કારણ કે તેમાં સ્નેહભાવ છે.
ન્યાય એ સત્યનું બીજું નામ છે. નમસ્કારમાં ન્યાય
છે, માટે સત્ય છે. નમસ્કારમાં પ્રેમ છે, માટે કર્તવ્ય છે.
સંસારનો સ્નેહ તે સ્વાર્થ છે. મુક્તિ, મુક્તિનો માર્ગ
અને મુક્તિમાર્ગ સાધક પ્રત્યેનો સ્નેહ, તે પરમાર્થ છે.

સ્વાર્થ = સંસારનો સગો ભાઈ.

નવકાર થકી આવતો પરમાર્થ = મોક્ષનો માર્ગ.

નમસ્કાર એ સ્નેહવાચક છે. પહેલાં બે પદો મુક્તિ-
સ્વરૂપ છે, પછીનાં ત્રણ પદો મુક્તિમાર્ગ સાધક છે અને
છેલ્લા ચાર પદો મુક્તિનો માર્ગ છે.

તે ત્રણેનો સ્નેહ એટલે પૂર્ણ નમસ્કાર.

અરિહંતનું હિત સક્રિય, સિદ્ધનું હિત સ્થિર તથા
આચાર્ય, ઉપાધ્યાય, સાધુ - ત્રણે પદો હિતાશયથી ભરપૂર છે.

ધર્મ એ ઉત્કૃષ્ટ મંગળ છે અને
નિજ આત્મસ્વભાવનો લાભ એ પરમ ધર્મ છે.

નમસ્કાર એટલે બુદ્ધિરૂપી ત્રાજવાને નમાવવું,
બુદ્ધિમાં મૂલ્યાંકન કરવું. બુદ્ધિ જેનું મૂલ્ય અધિક આંકે છે,
તેના પ્રત્યે નમવાનો ભાવ આપોઆપ જાગે છે.

જે અંતઃકરણમાં એવો ભાવ જાગે છે કે :
'સ્વેચ્છાચાર કરતાં આજ્ઞાધીનતા હિતકારી છે'; તે
અંતઃકરણ પરમેષ્ઠિઓને નમવા હંમેશા તત્પર રહે છે.

ઉપાદાનમાં વિશુદ્ધિનું આધાન નિમિત્તથી થાય છે.

પરમેષ્ઠિઓ સર્વશ્રેષ્ઠ વસ્તુઓ છે.

## 'નમો' ભાવની મહત્તા

'નમો' વડે હું પરમાત્માનું સ્મરણ, કીર્તન, વંદન,
પૂજન, પ્રીતિ, ભક્તિ કરું છું, આજ્ઞાને શિરોધાર્ય કરું છું.
'નમો' વડે ઉભય પ્રકારના સંવેગ અનુભવાય છે.
'નમો' વડે કેવળ આત્મતત્ત્વના વિસ્તારને ઇચ્છાય છે.
'નમો' પ્રીતિરૂપ - ભક્તિરૂપ - વચનરૂપ - અસંગરૂપ છે.
'નમો' એ ઇચ્છારૂપ - પ્રવૃત્તિરૂપ - સ્થૈર્યરૂપ - સિદ્ધિરૂપ છે.
નમોમાં ભક્તિના સર્વ પ્રકાર અંતર્ગત થઈ જાય છે.

દ્રવ્યપૂજા અને ભાવપૂજાના સર્વ પ્રકારો પણ
આ 'નમો' મંત્રમાં સમાઈ જાય છે.

અરિહંતને નમસ્કાર, સિદ્ધને નમસ્કાર, આચાર્યને નમસ્કાર, ઉપાધ્યાયને નમસ્કાર તથા સર્વ સાધુને નમસ્કાર એ આત્માની જ ભિન્ન ભિન્ન અવસ્થાઓને નમસ્કાર છે. સાધુ નમસ્કાર એ છઠ્ઠા ગુણસ્થાનકથી બારમા ગુણસ્થાનક સુધીની અવસ્થાને નમન છે, અરિહંત - સિદ્ધનમસ્કાર ૧૩ - ૧૪ ગુણસ્થાનકને નમન છે.

નમસ્કાર એ અહંતા - મમતાનો નાશક છે તથા
નિર્મળતા અને સમતાનો ઉત્પાદક છે.

સમતા સમાધિસ્વરૂપ છે અને મમતા સંક્લેશરૂપ છે.
સંક્લેશને ટાળીને સમાધિને સાધી આપનાર નમસ્કાર
સર્વ અવસ્થાઓમાં કર્તવ્ય છે.

પ્રથમ ગુણસ્થાનકે કરેલ નમસ્કાર મિથ્યાત્વનો નાશ કરે,
ચોથે ગુણસ્થાનકે અવિરતિનો નાશ કરે છે તથા
છઠ્ઠે ગુણસ્થાનકે કરેલો નમસ્કાર પ્રમાદનાશક બને છે.
ઉપરના ગુણસ્થાનકોમાં તે તે નમસ્કાર સ્વભાવના
પરિણમનરૂપ બની જાય છે, તેથી તે અસંગસ્વરૂપ છે.

न साम्येन विना ध्यानं, न ध्यानेन विना च तत् ।
निष्कंपं जायते तस्मात् द्वयमन्योन्यकारणं तत् ॥१॥

મોક્ષનું અનંતર કારણ સમતા છે. તે મોક્ષનું ભાવલિંગ છે.
તે સમતા આત્મધ્યાનથી પ્રાપ્ત થાય છે.
સમતા વિના આત્મધ્યાન નહિ અને
આત્મધ્યાન વિના નિષ્કંપ સમતા નહિ.

સારાંશ કે : આત્મધ્યાનનું ફળ સમતા છે અને સમતાનું ફળ નિર્વિકલ્પ ઉપયોગ - નિર્વિકલ્પ સમાધિ છે. તે સમાધિને નિર્વિકલ્પ ચિન્માત્ર સમાધિ પણ કહેવાય છે. નમસ્કાર મહામંત્રના પ્રથમ પદમાં જ આ નિર્વિકલ્પ ચિન્માત્ર સમાધિને અનુભવવાનો એક અનોખો પ્રયોગ છે.

ગુરુમુખથી નમસ્કાર મંત્રની પ્રાપ્તિ થતાં જ 'નમો' દ્વારા ઈશ્વરતત્ત્વની સન્મુખ થવાય છે, કેમકે 'નમો' પદની સાથે જ 'અરિહં' શબ્દ જોડાયેલો છે, તે ઈશ્વરતત્ત્વનો વાચક છે. ભવાત્માનું ફળ પરમાત્મા છે. પરમાત્મતત્ત્વનો અનુભવ કરવા 'તાણં' શબ્દ જોડાયો. તાણં = ત્રાણ. જે આત્મા શબ્દ સાથે સંબંધ ધરાવે છે. જ્યાં અને જ્યારે અરિહંતોની આજ્ઞાનું પાલન મુખ્ય બને છે, ત્યાં અને ત્યારે મન, પવન અને આત્મા પરમાત્મામાં એકાકાર બને છે.

શાસ્ત્રોનું આદિ વાક્ય પરમેષ્ઠિ નમસ્કાર છે અને તેનું પણ આદિ પદ 'નમો' છે.

'નમો' એ વિસ્મય, પુલક, પ્રમોદસ્વરૂપ છે.
ભવભયનો સૂચક પણ 'નમો' પદાર્થ છે.
'નમો' પદ ઉત્તરોત્તર ભાવવૃદ્ધિને સૂચવનારી પણ છે
અને તેનું પરિણામ તદ્ગત ચિત્તમાં આવે છે અર્થાત્
ચિત્તમાં આકુળતા લાવવા 'નમો' પરમસાધન બને છે.
ભવનો સાચો ભય તો જ ગણાય કે જ્યારે
ઊંઘતા મનુષ્યને એમ લાગે કે મારું ઘર બળી રહ્યું છે
અને એકદમ ઝબકીને ઊઠે, ત્યારે
તેને જેવો ભય સ્પર્શે છે, તેવો ભય
સંસાર રૂપી દાવાનળમાંથી છૂટવા માટે ઉત્પન્ન થાય.
As if a man who is awakened
that his house is in fire.
પોતાનું ઘર સળગી રહ્યું છે અને મનુષ્ય ઝબકીને ઊઠે,
ત્યારે મોહનિદ્રામાં સુતેલો જીવ
કર્મદાવાનળના દાહમાંથી ઉગરી જવા માટે જે
ધર્મજાગૃતિને અનુભવે, તે સાચો ભવભય છે.

'નમો' પદ એ નમસ્કાર કરનારના અંતરમાં જાગેલા ભવભયનો સૂચક છે. જ્યાં ભય હોય, ત્યાં પ્રતિપક્ષી વસ્તુ ઉપર ભાવ યા પ્રેમ ઉત્પન્ન થાય છે, તેમ ભવથી ભય પામેલા જીવને તત્ત્વ ઉપર પ્રેમ થાય છે અને તે પ્રેમનો સૂચક પણ 'નમો' પદ જ બને છે. 'નમો' સાથે સાવધાનતા - એકાગ્રતા જોડાયેલા હોય તો તે સાવધાનતા તથા તન્મયતાનું ય પ્રત્યક્ષ બની જાય છે. એ રીતે અમૃતક્રિયાને સૂચવનારાં જેટલાં પણ લક્ષણો શાસ્ત્રમાં કહ્યાં છે, તે બધાં 'નમો' પદના આરાધકની અંદર આવવા લાગે છે અને ત્યારે જ 'નમો' પદ સાર્થક બને છે. અમૃતક્રિયાનાં લક્ષણોને વર્ણવતાં

<u>ઉપા. યશોવિજયજી કહે છે કે</u> :

'તદ્ગત ચિત્તને સમયવિધાન
ભાવની વૃદ્ધિ ભવભય અતિ ઘણો,
વિસ્મય પુલક પ્રમોદપ્રધાન...
લક્ષણ એ છે અમૃતક્રિયા તણો.'

સંત વિના અંતની વાતનો તંત આવતો નહિ.
અનંતની યાત્રામાં સંતની સહાય અનિવાર્ય છે.
નમસ્કાર મંત્રમાં સંતની પૂરેપૂરી સહાય હોવાથી
અંતની વાતનો તંત પામી શકાય છે.
'હું એક શુદ્ધ સદા અરૂપી, જ્ઞાન દર્શનમય ખરે...
કંઈ અન્ય તે મારું જરી, પરમાણુ માત્ર નહિ અરે!'
પરમેષ્ઠિ ભગવંતોમાં શુદ્ધ, બુદ્ધ, ચૈતન્યઘન,
સ્વયંજ્યોતિ, સુખધામ ઇત્યાદિ વિશેષણોવાળું
શુદ્ધ સ્વરૂપ આવિર્ભાવ પામેલું છે,
તેનો સંબંધ કરાવનાર પરમેષ્ઠિમંત્ર છે, તેથી તે મહામંત્ર
તથા સર્વ મંત્રોમાં શિરોમણિભૂત મંત્ર છે.
સર્વ તત્ત્વોમાં શિરોમણિભૂત આત્મતત્ત્વ છે અને
તેમાં પણ શિરોમણિભૂત શુદ્ધાત્મતત્ત્વ છે.
તેને સાધો નમસ્કાર પરમેષ્ઠિ મંત્ર વડે પહોંચે છે.
તે નમસ્કાર પ્રતિબિંબિત થઈને પોતાના શુદ્ધસ્વરૂપમાં
પહોંચે છે અને શુદ્ધ સ્વરૂપનું મહત્ત્વ અપરંપાર છે.

શુદ્ધ સ્વરૂપ તે ચૈતન્યનો મહાસાગર છે,
તેના અગાધ અજ્ઞાનના ડુંગરો પણ મહત્વહીન છે.
સમ્યગ્દૃષ્ટિ ચૈતન્યના સ્વભાવ-સામર્થ્યને ઓળખે છે,
તેથી તેને ચૈતન્યથી ભિન્ન વસ્તુ ઉપર અંતરથી રાગ
રહેતો નથી, ભેદબુદ્ધિ રહે છે. તેને સ્વરૂપમાં અસ્તિત્વ-
બુદ્ધિ રહે છે અને પરમાત્રમાં વિભક્તબુદ્ધિ રહે છે.

આવો અસ્તિત્વ-વિભક્ત આત્મા જ
સ્વસ્વરૂપમાં પ્રકાશે છે, કેમકે તે શુદ્ધ છે.

નમસ્કાર મંત્ર સકલ આગમોનો સાર કહેવાય છે, તેનું
કારણ પણ તેમાં અસ્તિત્વ-મુક્તત્વ વિભક્ત એવા
શુદ્ધ આત્મતત્ત્વનું બહુમાનગર્ભિત નમન-ગ્રહણ છે.
જ્ઞાનમય નિર્મળ દ્રવ્ય-ગુણ-પર્યાય આત્માનું સ્વરૂપ છે.
તેનો સ્વામી આત્મા છે. એ ચિન્મય જ્ઞાન વસ્તુનું
સ્વામિત્વનું જ્યારે શ્રદ્ધા અને જ્ઞાનમાંથી ભાસી જાય,
ત્યારે તે શ્રદ્ધા અને જ્ઞાન સમ્યક્ બને છે.
નમસ્કાર મંત્ર એ ચૈતન્યની સાધનાનો પંથ છે.

તે પંથ વીરનો છે પણ કાયરનો નહિ. મહાવીર પ્રભુએ ચીંધેલા માર્ગે ચઢેલા પણ વીર છે, તેમની વીરતા જ તેમને આ માર્ગે આગળ વધવા માટે જરૂરી વૈરાગ્ય, જરૂરી શ્રદ્ધા, જરૂરી જ્ઞાન અને ઉત્સાહ અર્પે છે. નમસ્કાર મંત્રના આરાધનથી તે વીરતા પુષ્ટ થાય છે. તે માર્ગે આગળ વધવા પરિષહ-ઉપસર્ગો સહન કરવાની ધીરતા પણ નમસ્કાર મહામંત્રના આરાધનથી પ્રગટે છે. નમસ્કાર મંત્ર એ સ્વરૂપની સાધનાનો પંથ હોવાથી આરંભમાં કષ્ટદાયક પણ અંતે અવ્યાબાધ સુખદાયક છે. નમસ્કાર મંત્ર વડે શુદ્ધ ચૈતન્ય સ્વભાવની સાથે એકત્વ સધાય છે અને ચૈતન્યથી ભિન્ન એવા સર્વ રાગાદિ ભાવો પ્રત્યે ઉદાસીનતા કેળવી શકાય છે. શુદ્ધાત્મદ્રવ્ય, શુદ્ધાત્મગુણ અને શુદ્ધાત્મપર્યાયની સાથે એકત્વની સાધના ઉપર રૂચિ, બહુમાન, અંતરંગ પ્રીતિ ઉત્પન્ન કરાવી પ્રતિકૂળતાઓને સહન કરવાનું બળ અર્પે છે, તેથી પરમાત્મતત્ત્વની સાક્ષાત્ અનુભૂતિ થશે.

પોષ સુદ ૩, મંગળવાર

સર્વ જીવમાં રહેલ મૈત્રીનો અંશ તે સાધુ પરમેષ્ઠિ.
સર્વ જીવનો પ્રમોદનો અંશ તે ઉપાધ્યાય પરમેષ્ઠિ.
સર્વ જીવનો કરુણાનો અંશ તે આચાર્ય પરમેષ્ઠિ.
સર્વ જીવનો માધ્યસ્થ્યનો અંશ તે સિદ્ધ પરમેષ્ઠિ.
સર્વ જીવના ચારે ભાવ તે અરિહંત પરમેષ્ઠિ.

સામાયિક ધર્મના આદર્શ, ઉપદેષ્ટા અને આલંબન એવા પરમેષ્ઠિઓ પરમ ઉપકારી છે, તેથી તેમની સ્તુતિ, નમસ્કાર અને પૂજનાદિ ભક્તિ જીવોને કર્તવ્ય છે.

## મંત્રની શક્તિનો અનુભવ

મંત્ર દ્વારા મન - વચન - કાયા વશ થઈ શકે છે.
મંત્રના આલંબને જીવ મન - વચન - કાયાને સ્વાધીન કરે છે.
મંત્રની પ્રાપ્તિ ગુરુતત્ત્વને આધીન છે.
મંત્ર પોતે દેવનું અક્ષરાત્મક સ્વરૂપ છે.
અક્ષર એટલે વર્ણ અને
અવિનાશી એવું પરમ સ્વરૂપ કે જે સર્વવ્યાપી છે.

તેના જપ-સ્મરણ-ભક્તિ અને સમર્પણ વડે આપણા ઉપર તેમનું પ્રભુત્વ સ્વીકાર્યું, એટલે આપણે તેમના સેવક બન્યા, તે આપણા સાક્ષાત્ સ્વામી બન્યા. આપણો સ્વામી-સેવકભાવ અથવા રક્ષ્ય-રક્ષકભાવ જેટલો દૃઢ થતો જાય, તેટલી રક્ષા અધિક થાય અને આપણામાં નિર્ભયતા ઉત્પન્ન થાય છે તથા ક્ષેમ સાથે યોગ કરવાની પણ મંત્રની શક્તિનો આપણને અનુભવ થાય છે. સ્વપર ઉભયના યોગ અને ક્ષેમ બંને કરવાની શક્તિ મંત્રમાં રહેલી છે, તેની પ્રતીતિ થતી જાય એટલે સદા નિશ્ચિંતતા રહે છે. મંત્રાકાર ઉપયોગ થવાથી મંત્રદેવતાની શક્તિ સાધકમાં કાર્ય કરતી થઈ જાય છે. તે શક્તિ યોગ અને ક્ષેમ - ઉભયકારક છે. મંત્ર સિવાય બીજું કોઈ સમર્થ સાધન નથી.

'મંત્રાધીના દેવતા'ની જેમ

'મંત્રાધીના ત્રિકરણ યોગાઃ ।

મંત્રાધીના મનઃ વચઃ કાયક્રિયા ।' એ પરમ સત્ય છે.

અરિહંતોની ભક્તિ જો પ્રકટે થાય,
તે જ ખરો નમસ્કાર છે. અરિહંતો તરફથી તત્ત્વભક્તિ ।
એવા ઉપદેશ રૂપમાં નમસ્કારનું ફળ મળે છે.
તે ઉપદેશ 'જે અરિહંત સ્વરૂપની તું ભક્તિ કરે છે,
તે તું જ પોતે છો' એમ નિશ્ચય થાય છે.

## 'નમો' મંત્રથી પ્રાણોનું ઊર્ધ્વગમન

'નમો' મંત્ર સર્વ પ્રાણોને ઉત્ક્રમણ કરાવે છે.
તેનું ઉચ્ચારણ કરવામાત્રથી જ પ્રાણોનું ઊર્ધ્વગમન -
ઉત્ક્રમણ થાય છે. તે સર્વ પ્રાણોને પરમાત્મતત્ત્વમાં
પરિણમન કરાવી ઉપર લઈ જવામાં સહાય કરે છે.

## આમનસ્કતા અને ઉન્મનીભાવની અવસ્થા

'નમો' મંત્રના પુનઃ પુનઃ સ્મરણથી ઉત્પન્ન થાય છે.
કહ્યું છે કે : વિપ્રતીપં મનો નમઃ ।
નમો એ મનની વિરુદ્ધ દશામાં ગતિ કરાવનાર મંત્ર છે.
નમો મંત્ર વડે સાધકને મનસાતીત અવસ્થા અર્થાત્
beyond mind અવસ્થા સહેલાઈથી પ્રાપ્ત થાય છે.

નમો - નમન - પરિણમન એકાર્થક છે.
જેનાથી આત્માનું શુદ્ધસ્વરૂપમાં પરિણમન થાય,
તે 'નમો' મંત્ર છે, તેથી તે પરમ રહસ્યમય મનાય છે.

One of the greatest joys in life
is the joy of giving.

'નમો' એ સર્વશ્રેષ્ઠ પુરુષોને આપવામાં આવતું
સર્વશ્રેષ્ઠ દાન છે. સર્વ દાનમાં શ્રેષ્ઠ દાન સન્માનનું દાન છે.
દાનના સર્વશ્રેષ્ઠ પાત્ર પંચ પરમેષ્ઠી ભગવંતો છે.
ચિત્તના શુભભાવથી જેઓ નમો મંત્ર વડે પંચપરમેષ્ઠિ
ભગવંતોને નિરંતર સન્માનનું દાન કરે છે, તેઓ
ચિત્તની પરમ પ્રસન્નતાનો અનુભવ કરે છે અને
માનવજન્મ પામીને અંશે પણ કરવા લાયક કૃત્ય કર્યાની
સફળ કૃતાર્થતાને અનુભવે છે.
પરમેષ્ઠિ નમસ્કારમાં કૃતજ્ઞતાનો ભાવ રહેલો છે.

Thanks and praise giving is
the first condition of Spirituality.

દુર્ગતિમાં પડતાં જીવોને પરમેષ્ઠિ ભગવંતો
નમસ્કાર દ્વારા પરમ આલંબનને આપે છે, તેમના
વિશુદ્ધ જીવન વડે પરમ આદર્શને આપે છે તથા
ભવસાગર તરવા માટે જહાજ સમાન પરમ તીર્થને
સ્થાપન કરી લાખો - ક્રોડો જીવોને રત્નત્રયનું છૂટે હાથે
દાન કરે છે. એવા પરમ દાતારને તેમને યોગ્ય અદકું
સન્માન કરવું, એ સર્વ કૃતજ્ઞ જીવોનું પરમ કર્તવ્ય છે.

કૃતજ્ઞતા એ પાત્રતા કેળવવાનું
અને યોગ્યતા વિકસાવવાનું પ્રથમ સોપાન છે.

પરમેષ્ઠિ નમસ્કાર એ કૃતજ્ઞતા ગુણનું પાલન છે
અને સર્વ દાનોમાં સર્વશ્રેષ્ઠ એવું સન્માનનું દાન છે.
આ જગતમાં અર્થનું દાન આપનારા હજુ મળી આવશે
પણ હૃદયથી સન્માનનું દાન આપનારા દુર્લભ હોય છે.

નમસ્કારમાં જેઓનું ચિત્ત લાગતું નથી,
તેઓએ સમજવું જોઈએ કે યોગ્ય દાન
આપવા માટેની ઉદારતા તેના હૃદયમાં હજુ પ્રગટી નથી.

## સર્વોત્કૃષ્ટ ગર્હા, સર્વોત્કૃષ્ટ અનુમોદના અને સર્વોત્કૃષ્ટ શરણાગતિ માટેનો મહામંત્ર કોઈ હોય તો તે શ્રી નમસ્કાર મહામંત્ર છે.

સર્વ પાપોનો સર્વથા પ્રણાશ કરવાનું પ્રણિધાન નમસ્કાર મંત્રમાં રહેલું છે, તે સર્વોત્કૃષ્ટ ગર્હાના પરિણામ સૂચવે છે. સર્વ મંગળોમાં પ્રધાન અને પ્રથમ મંગળ નમસ્કાર છે, તે સર્વોત્કૃષ્ટ અનુમોદનાનો પરિણામ છે.

નમો પદ સર્વોત્કૃષ્ટ શરણાગતિનું સૂચક છે, કેમકે તેમાં એક બાજુ કર, શિર આદિ સર્વ અંગોનું સમર્પણ છે, બીજી બાજુ તે દ્વારા આત્માના સર્વ પ્રદેશોનું સમર્પણ છે. ત્રણ કરણ, ત્રણ યોગ, સાત ધાતુ, દશ પ્રાણ, સર્વ રોમ અને પ્રદેશો વડે થતી શરણાગતિ એ ઉત્કૃષ્ટ નમસ્કાર છે અને શ્રી નમસ્કાર મહામંત્રનું તે સર્વોત્કૃષ્ટ વાચ્ય છે.

Namo is a mantra of gratitude and Namo is a great word of adoration and veneration.

## નમસ્કાર મંત્ર કલ્યાણનો માર્ગ શીખવે છે.

નમસ્કાર મંત્રમાં ભવ્યત્વપરિપાકની સઘળી સામગ્રી એક સાથે સંગ્રહાયેલી મળી આવે છે. નમસ્કાર મહામંત્રના ઉપકાર અનંતા છે. અનંતા આત્માઓને મુક્તિગમન માટે નમસ્કાર મહામંત્રે પરમ આલંબન પૂરું પાડેલું છે. સર્વ તીર્થંકરો, ગણધરો, પૂર્વધરો, તમામ જ્ઞાનીપુરુષો આ નમસ્કાર મંત્રનો આધાર લઈને પરમપદે પહોંચેલા છે. સર્વ મહાપુરુષોને આધાર આપનાર એવો આ મહામંત્ર આપણને અત્યારે મળ્યો, તે કેટલું મોટું ભાગ્ય ગણાય?

એ રીતે નમસ્કાર મહામંત્રનું ગૌરવ હૃદયમાં ધારણ કરીને એનું આલંબન લેનાર દુર્ગતિમાં પડતાં એવા પોતાના આત્માને બચાવી શકે છે અને સદ્‌ગતિની પ્રાપ્તિને પરમ સુલભ બનાવી શકે છે. ૐકાર અને નમસ્કાર - બંને મંત્રો ઉચ્ચારણ થતાંની સાથે જ પ્રાણોને ઊંચે લઈ જવાનું કાર્ય કરે છે અને પરમતત્ત્વની સાથે આત્માનો સીધો સંબંધ કરાવે છે.

## તંત્રશાસ્ત્રમાં 'મંત્રચૈતન્યનો ઉદ્ભવ' કોને કહેવાય?

મન, મંત્ર, પ્રભુ તથા દેવ, ગુરુ અને
આત્માની એકતા સધાય, તે 'મંત્રચૈતન્યનો ઉદ્ભવ' છે.

વિભાવ તરફ ઢળી રહેલા આત્માને
સ્વભાવ તરફ વાળવો, એ નમસ્કાર મંત્રનું કાર્ય છે.

'અરિહં' એ વર્ણમાળાનું સંક્ષિપ્ત સ્વરૂપ છે.

'નમો' એ નમ્રતા અને સ્વતંત્રતાનો પ્રબળ મંત્ર છે.

નમ્રતા ગુણ એ વ્યવહારધર્મનો પાયો છે
અને સ્વતંત્રતા ગુણ એ નિશ્ચયધર્મનું મૂળ છે.

આત્મદ્રવ્ય સંપૂર્ણ સ્વતંત્ર છે.

'નમો' મંત્રની ઉપાસના એ નમ્રતા ગુણના પાલન
દ્વારા સ્વતંત્રતા તરફ લઈ જનારી સિદ્ધ પ્રક્રિયા છે,
તેથી 'નમો'ને સેતુની ઉપમા ઘટે છે.

અનાત્મમાંથી અંતરાત્મામાં લઈ જઈ, પ્રતિદિન પરાઙ્મુખ
બનાવી પુરુષની સન્મુખ દોરી જાય છે, તેથી તે દ્વીપ છે,
દીપ છે, ત્રાણ છે, શરણ છે, ગતિ છે અને આધાર છે.

'નમો' દુષ્કૃતગર્હા કરાવનાર હોવાથી દ્વીપ, દીપ, ત્રાણ છે.
સુકૃતાનુમોદના કરાવનાર હોવાથી સ્મરણ અને શરણ છે
તથા દુષ્કૃત અને સુકૃતથી પર એવા આત્મતત્ત્વની
અભિમુખ લઈ જનાર હોવાથી શરણાગમનરૂપ પણ છે.

એ રીતે એક 'નમો' મંત્ર જ
ભવ્યજીવોને પરમ આલંબન અને આધારરૂપ બનીને
ભવદુઃખનો વિચ્છેદ કરાવનાર તથા
શિવસુખની પ્રાપ્તિ કરાવનાર થાય છે.

'નમો' મંત્ર સ્થૂલમાંથી સૂક્ષ્મમાં જવાનો મંત્ર છે.
સૂક્ષ્મમાંથી સૂક્ષ્મતરમાં અને સૂક્ષ્મતરમાંથી સૂક્ષ્મતમમાં
જવા માટેની પ્રેરણા પણ 'નમો' મંત્રમાંથી જ મળે છે.

અણુથી પણ અણુ બન્યા વિના
મહાનથી પણ મહાન એવા તત્ત્વની પ્રાપ્તિ શક્ય થતી નથી.

'નમો' મંત્ર વડે
'अणोरपि अणीयान्' અને 'महतो महीयान्'
એવા બંને વિશેષણોવાળા પરમપદની સિદ્ધિ થાય છે.

'નમો અરિહંતાણં ।' એ મહામંત્ર છે, શાશ્વત છે,
શાંત રસનું પાન કરાવનાર છે. શાંત રસ એટલે રાગ-દ્વેષ
વિનિર્મુક્ત કેવળજ્ઞાન વ્યાપાર, તેને નમસ્કાર.
'અરિહં' ક્રોધાદિ શત્રુઓનો નાશક છે, તેથી ત્રાણસ્વરૂપ છે.
'અરિહં' શબ્દ શત્રુનાશક, પૂજ્યવાચક તથા
શબ્દબ્રહ્મનો સૂચક હોવાથી શાંતરસોત્પાદક છે.
શાંત રસ, સમતા રસ, ઉપશમ રસ શબ્દો એકાર્થક છે.
રાગ-દ્વેષ અને સુખ-દુઃખના સંવેદનથી પર
એવો જ્ઞાનરસ એ જ સાચો શમરસ છે,
એ જ સમતારસ છે અને એ જ શાંતરસ છે.
'નમો અરિહંતાણં ।' મંત્ર જ્ઞાનગુણના પ્રત્યે ભક્તિ
ઉત્પન્ન કરી તેમાં જ જીવને તલ્લીન બનાવે છે.
નમો મંત્ર ઉચ્ચારણમાં સરળ, અર્થથી રહસ્યપૂર્ણ અને
ફળથી ઉર્ધ્વાતિઉર્ધ્વમાં લઈ જનાર છે, તેથી મહામંત્ર છે.
શબ્દથી સરળ, અર્થથી મંગળ અને ગુણથી સર્વોત્કૃષ્ટ છે.
નમ્રતા એ સર્વ ગુણોની ટોચ છે.

પોતાની જાતને અણુથી પણ અણુ જેટલી માનનાર જ
મહાનથી મહાન તત્ત્વની સાથે સંબંધમાં આવી શકે છે.

પ્રકૃતિ એ શૂન્યતાનું જ સર્જન છે. નમનમાં શૂન્યતા
છુપાયેલી છે, તેથી જ તે પ્રકૃતિનું કારણ બને છે.
'નમન' એ અનાહતસ્વરૂપ છે, કેમકે તે ભાવપ્રધાન છે.
શબ્દ અહંકારાત્મક છે અને ભાવ અનહંકારસ્વરૂપ છે,
તેથી તેનું આલંબન અનાહત દ્વારા જ થઈ શકે.
પરમાત્મા શબ્દગ્રાહ્ય નહિ પણ ભાવગ્રાહ્ય છે.
'નમન' એ ભાવ અને ભક્તિસ્વરૂપ હોવાથી
તે દ્વારા જ પરમ તત્ત્વ અનુભૂત થઈ શકે છે.
શબ્દનો જ્યાં અંત છે, ત્યાં ભાવનો પ્રારંભ છે.
શબ્દ દ્વૈતસ્વરૂપ છે, જ્યારે ભાવ અદ્વૈતસ્વરૂપ છે,
તેથી પરમાત્માની સાથેનું અદ્વૈત નમસ્કાર ભાવ દ્વારા
જ સાધી શકાય. તે પ્રશંસાત્મક, આદર, પ્રીતિ અને
બહુમાનવાચક છે. નમસ્કારના ભાવ વડે પર તત્ત્વ
પ્રત્યેની અભિરૂચિ પ્રગટ કરાય છે.

પંચમંગલ મહાશ્રુતસ્કંધમાં નમસ્કારની ૫ વસ્તુઓ છે:
અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ.

આજ્ઞાને શરણે રહેલો નિર્ભય બને છે.
આજ્ઞા એ દીવો છે, આજ્ઞા એ ત્રાણ છે,
સંવરનું સેવન તે પ્રભુની આજ્ઞા છે, તેથી
પાંચેને નમસ્કારમાં આને જ નમસ્કાર છે.

વળી નમસ્કારની પાંચે વસ્તુઓ આશ્રવથી રહિત છે,
તેથી તે પાંચેને નમસ્કારમાં આશ્રવના ત્યાગને
નમસ્કાર છે. આશ્રવનો ત્યાગ એ પ્રભુની આજ્ઞા છે,
તેથી પાંચેને નમસ્કારમાં પ્રભુઆજ્ઞાને જ નમસ્કાર છે,
જેમાં સંવરનું બહુમાન છે અને આશ્રવની ગર્હા છે.
આજ્ઞા એ શરણ છે, આજ્ઞા એ જ ગતિ છે અને
આજ્ઞા એ જ દુર્ગતિમાં પડતાં જીવોને આલંબન છે
પરમેષ્ઠિ નમસ્કારમાં આજ્ઞાપાલકને નમસ્કાર હોવાથી
તે નમસ્કાર ભવ્ય જીવોને દીપકની જેમ પ્રકાશ કે
ભવસમુદ્રમાં દ્વીપની જેમ મોટો આધાર આપે છે.

પરમેષ્ઠિ નમસ્કાર રત્નની પેટી છે, ઢાંકેલું નિધાન છે,
શુદ્ધ ધર્મરૂપી કાંચનનો કરંડીયો તથા મુક્તિના મુસાફર
એવા ભવ્ય આત્માઓને દેવાધિદેવનું પરમ ભેટણું છે.

પરમેષ્ઠિ નમસ્કારનો આરાધક આત્માનો આરાધક
બને અને આત્માનો આરાધક શિવસુખને પામે છે.

મહામંત્રની ચૂલિકા સમ્યક્ત્વરૂપી સંવરને કરે છે.
સાધુ નમસ્કાર એ સર્વવિરતિસંવરને પ્રગટ કરે છે,
આચાર્યને નમસ્કાર એ અપ્રમાદસંવરને ઉત્પન્ન કરે છે,
અરિહંત તથા ઉપાધ્યાયને થતો નમસ્કાર એ
અકષાય સંવરને ઉત્પન્ન કરે છે અને
સિદ્ધને થતો નમસ્કાર એ
પ્રધાન તથા અયોગસંવરને ઉત્પન્ન કરે છે. આ રીતે
પાંચ નમસ્કાર પાંચે પ્રકારના સંવરને પુષ્ટ કરે છે,
તેથી શ્રી નમસ્કાર મહામંત્ર પરમ મંગળ સ્વરૂપ છે.

પરમેષ્ઠિ નમસ્કાર એ પાંચે પ્રકારના આશ્રવોનો
કટ્ટર વિરોધી હોવાથી તેનો સમૂળ નાશ કરે છે.

પરમેષ્ઠિ નમસ્કાર વડે દુષ્કૃતની સર્વોત્કૃષ્ટ ગર્હા
અને સુકૃત માત્રની સર્વોત્કૃષ્ટ અનુમોદના થાય છે.
પ્રભુની આજ્ઞા દુષ્કૃત માત્રનો ત્યાગ તથા સુકૃત માત્રનું
સેવન કરવાની છે, તેથી પંચમંગલનો નિત્ય આરાધક
પ્રભુઆજ્ઞાનો પરમ આરાધક બને છે.
પ્રભુઆજ્ઞા છ એ જીવનિકાયનું હિત કરવાની હોવાથી
પંચમંગલનું સેવન કરનારો છ એ જીવનિકાયમાં રહેલાં
ચૈતન્ય ગુણનો આરાધક થાય છે.
નમસ્કાર એટલા માટે મહામંત્ર છે કે
તે છ એ જીવનિકાયની સાથે ગુપ્ત લાગણી કરે છે,
તેમના હિતની મંત્રણા કરે છે અને
તે દ્વારા સર્વે મુમુક્ષુઓને આમંત્રણ આપે છે.
પંચપરમેષ્ઠિ એ
પરમાત્માની આજ્ઞાનું જ મૂર્તિમંત સ્વરૂપ છે.
પરમાત્માની આજ્ઞા હેયનું હાન,
ઉપાદેયનું ઉપાદાન અને ઉપેક્ષણીયની ઉપેક્ષાસ્વરૂપ છે.

# નિશ્ચયથી મોક્ષમાર્ગ કયો ?

શાસ્ત્ર વડે સારભૂત નવકાર અને તેના સારને જાણે
શુદ્ધ આત્માને અને તેના સામર્થ્યને જાણીને
તેમાં જ ઠરીને આત્મતત્ત્વમાં જ એકાકાર થવું,
ચિત્તવૃત્તિને તેમાં જ સ્થિર કરવી અને
મન - વચન - કાયાના વ્યાપારને
તેમાં જ જોડવા માટે પ્રયત્નશીલ થવું,
તે જ નિશ્ચયથી મોક્ષમાર્ગ છે.
શાસ્ત્રોનો - અર્થોનો સાર પણ નવકાર છે અર્થાત્
વધુને વધુ શાસ્ત્ર ભણે અને
તેના અર્થોનું સૂક્ષ્મમાં સૂક્ષ્મ વિવેચન કરે,
તો તે દ્વાદશાંગનો જ વિસ્તાર છે પણ સાર નહિ.
સાર તો બધા જ્ઞાનનો એક નવકાર જ છે.
નવકારનો સાર શુદ્ધ આત્મા અને તેમાં પરિણમન છે.
શુદ્ધાત્મ સ્વરૂપનું સંવેદન
શાસ્ત્રજ્ઞાનથી નહિ પણ ધ્યાનાભ્યાસથી થાય છે.

## સર્વજ્ઞતા માટે નવકાર મહામંત્ર મુખ્ય સહાયકર્તા

જેમ સૂત્ર કે દોરા વગરની સોય ખોવાઈ જાય છે,
તેમ સૂત્ર વડે જેણે શુદ્ધ આત્મા જાણ્યો નહિ,
તે જીવ સંસારમાં ખોવાઈ જાય છે.
શ્રુતજ્ઞાન તે સૂત્ર છે, શુદ્ધાત્મા તે સોય છે.
જેમ સૂત્રમાં પરોવાયેલી સોય તુરંત જ જડી આવે છે,
તેમ શ્રુતજ્ઞાનના ઉપયોગમાં વર્તતો જીવ
પોતાના આત્માને શીઘ્ર શોધે છે.
અર્હં રૂપી મહાપ્રભુમાંથી ઉત્થિત
ઓંકાર રૂપી નાદનું બ્રહ્મરંધ્રમાં ધ્યાન કરવું.
મહાપ્રભુનું સ્થાન નાભિપદ્મ છે.
'સર્વજ્ઞ' એટલે આત્માનો સ્વ સ્વભાવ.
સર્વજ્ઞને તે વ્યક્ત રૂપે છે,
છદ્મસ્થને તે સ્વ સ્વભાવ અવ્યક્ત રૂપે છે.
સ્વ સ્વભાવની સન્મુખતા વડે સર્વજ્ઞતા વ્યક્ત થાય છે,
તેમાં નવકાર મહામંત્ર મુખ્ય સહાયકર્તા છે.

## નમસ્કાર મહામંત્ર એ શું છે ?

તે મંગળ છે, ઉત્તમ છે, શરણ્ય છે.
તે જ્ઞાન છે, દર્શન છે, ચારિત્ર છે.
તે રાગનાશક છે, દ્વેષનાશક છે, મોહનાશક છે.
તે દુષ્કૃતગર્હાવાચક છે, સુકૃતાસેવનવાચક છે તથા
શરણાગમનવાચક છે. વળી તે કર્મનો નાશક છે (વાત),
ધર્મ છે (પિત્ત) તથા ધર્મ અને મોક્ષોત્પાદક છે (કફ).
ચિત્તં મંત્રઃ। ચિત્તનું મંત્રાકાર થવું, એ મંત્રની સિદ્ધિ છે.
શબ્દ એ શક્તિ છે અને અર્થ એ શિવ છે.
અપૂર્ણતા એ સંકલ્પમય ભેદાત્મક સંસાર છે.
તેનું પ્રશમન એ બ્રહ્મ. નાદનું પરામર્શ તે મનન છે.
નાદના પરામર્શથી સંસારનું પ્રશમન છે, તેનાથી
અપૂર્ણતા મટી જાય છે, સંકલ્પ ટળી જાય છે તથા
પૂર્ણતા અને વિશાળતા પ્રકટે છે.
કેવળ ઉચ્ચારમાત્ર વર્ણો તે મંત્ર નથી, કિન્તુ
મનન અને બ્રહ્મધર્મવાળા વર્ણો જ મંત્ર છે.

૧ અન્નં - નાણં - અરિહંત (માર્ગ)

અરિહંત - અહિંસા - ઔદાર્ય.

૨ અકરણં - દંસણં - સિદ્ધ (અવિપ્રણાશ)

સિદ્ધ - સત્ય - દાક્ષિણ્યં.

૩ અહમિન્દ્રઃ - ચરિત્તં - આચાર્ય (આચાર)

આચાર્ય - અચૌર્ય - પાપજુગુપ્સા.

૪ તુલ્યં - તવો - ઉપાધ્યાય (વિનય)

ઉપાધ્યાય - બ્રહ્મચર્ય - નિર્મલ બોધ.

૫ કલ્પં - વીર્યં - સાધુ (સહાય)

સાધુ - અપરિગ્રહ - જનપ્રિયત્વ.

આત્મા - ઉવઓગો - નમોક્કાર (સ્વરૂપ) આત્મા - ધર્મ.

મંત્રશાસ્ત્રમાં સંયુક્તાક્ષરને એકાક્ષર ગણવાનો રિવાજ છે.

ૐ એ સેતુ અને નમો એ પલ્લવ છે.

હ્રીંકાર એ મંત્ર છે. મુખ્ય મંત્રાક્ષર જ હ્રીંકાર છે.

મંત્રના અર્થના ચિંતનથી મંત્રાર્થની પ્રાપ્તિ અને મંત્રાર્થની પ્રાપ્તિથી મંત્રચૈતન્ય પ્રગટ થાય છે.

નવકાર દ્વારા રુચિ - સર્વદર્શી શુદ્ધ આત્મતત્ત્વને
નમસ્કાર થાય છે, તે objective side છે.
નવકારની Subjective side પણ છે અને તે
શ્રુત દ્વારા શ્રુતને પ્રકાશિત કરનાર
રુચિ પુરુષોમાં ચિત્તવૃત્તિનું પરોવાવું થાય છે, તે છે.
નવકારમાં નમનીય નમસ્કાર્ય અને ધ્યાનીય આત્મતત્ત્વ
- બંને શુદ્ધ સ્વરૂપી હોવાથી તેમાં ચિત્તવૃત્તિનો
ઉપયોગ તે સંવર સાથે નિર્જરાનો હેતુ બને છે.
<u>શ્રુતોપયોગ એ સોયમાં દોરી પરોવવાની ક્રિયારૂપ છે.</u>
અહીં સોય તે આત્મા છે, દોરી તે શ્રુત છે અને
નવકારરૂપી શ્રુતમાં ઉપયોગ તે શબ્દમાં સુરતાને
પરોવવાની ક્રિયા છે. 'શબ્દ' એટલે શ્રુત દ્વારા ધ્યેય
અને ધ્યાનીય શુદ્ધ આત્મતત્ત્વ છે,
તેને વિષે મનનું વિલીનીકરણ, તે સુરત શબ્દયોગ છે
અને તે જ 'મંત્રયોગ' કહેવાય છે. શબ્દના મનન
દ્વારા આત્માનું ત્રાણ થાય છે, માટે તે મંત્ર છે.

## નમસ્કાર - પ્રણિધાન

(૧) પંચ પરમેષ્ઠિ ૧૦૮ ગુણ સહિત છે,
એમ માનીને જે નમસ્કાર થાય,
તે ભેદનમસ્કાર છે અથવા ભેદપ્રણિધાન છે.

(૨) પંચપરમેષ્ઠિના ૧૦૮ ગુણ પામવા જે નમસ્કાર થાય,
તે સંભેદ નમસ્કાર છે અથવા સંભેદપ્રણિધાન છે.

(3) પંચપરમેષ્ઠિના ૧૦૮ ગુણ પોતાના આત્માનું જ
નૈશ્ચયિક સ્વરૂપ છે, એમ માનીને જે નમસ્કાર થાય,
તે અભેદનમસ્કાર છે અથવા અભેદપ્રણિધાન છે.

અભેદ માટે સંભેદ - સંભેદ માટે ભેદપ્રણિધાન જરૂરી.
પ્રથમ ગુણીનું જ્ઞાન, પછી તેની શ્રદ્ધા - રુચિ - અભિલાષ
અને પછી તેની પ્રાપ્તિ - એ ક્રમ છે. ભેદ એ નૈગમ
- વ્યવહારનો, સંભેદ એ ઋજુસૂત્રનો અને અભેદ એ
શબ્દાદિ નયોનો વિષય છે. ભેદપ્રણિધાન તે ભક્તિ,
સંભેદ તે જ્ઞાન, અભેદપ્રણિધાન તે જ્ઞાતાસ્વરૂપ છે.
ભેદથી ધારણા, સંભેદથી ધ્યાન, અભેદથી સમાધિ પ્રગટે.

## નવકારના જાપ પહેલાં એક આંતરપ્રયોગ

(૧) એક આસને બેસો. (૨) નેત્રો બંધ કરો.

(૩) દૃષ્ટિ અંતર્મુખ કરી ધ્યાન ધરો.

V.V. Imp. (૪) હવે તમે શું જુઓ છો ?

(a) માનસિક દૃષ્ટિ સમક્ષ તમને નિહાળું છું.

(b) એક દેદીપ્યમાન પ્રકાશ જોઉં છું.

(c) ઓંકારનો શબ્દ સાંભળું છું.

તેના પાર હવે કાંઈ રહેતું નહિ, નહિ કર્મ કે કર્તા,
નહિ દૃશ્ય કે દૃષ્ટા, નહિ શ્રાવ્ય કે શ્રોતા.
એ બધું એક પરમ સત્યમાં, પરમ અને
ચરમ અસ્તિત્વમાં ઓગળી એકરૂપ થયું હતું.
ત્યાં પરિવર્તનરહિત, નામ તથા આકૃતિરહિત, દ્વૈતરહિત
કેવળ બ્રહ્મ જ હતું. આપણાને જે લાભ લેવું જોઈએ,
તે ફક્ત આપણા હૃદયમાં રહેલ પ્રભુનું જ લેવું જોઈએ.

**તમે જૂઠું કાર્ય ત્યારે જ કરી શકો છો,
કે જ્યારે તમે પરમાત્માને વિસરી જાઓ છો.**

ઉત્તમ મુનિઓમાં રહેલી વિશિષ્ટ પ્રકારની
અભેદ પ્રણિધાનની શક્તિ વડે
મંત્રમાં નિર્મળતા અને પવિત્રતા આવે છે.
આવા સુમુનિઓના મુખમાંથી નીકળેલ
મંત્રો વર્ણવાળા અને સર્વ સિદ્ધિપ્રદ હોય છે.
મંત્રદૃષ્ટા સત્ત્વગુણી હોય છે, તેથી મંત્રસાધક પણ
સત્ત્વગુણવાળો હોય, તો જ મંત્ર તત્કાળ ફળે છે.
મંત્રયોગનો પરમ ઉદ્દેશ
અંતરાત્માનો પરમાત્મા સાથે અભેદ સાધવાનો હોય છે.
સુષુમ્ણા નાડી અને તેમાં પ્રાણનો સંબંધ -
એ જેનું જ્ઞાન સાધકને જરૂરી હોય છે.
વાચ્યદેવતાના વાચકરૂપ મંત્રનું ઉચ્ચારણ તે 'જપ' છે.
'મંત્રરાજનું અભિધેય પ્રધાન પરમાર્થ છે.
તે જ પરમ તત્ત્વ છે અને
તે જ જીવના આત્માનો સ્વભાવ છે.'
એવું પુનઃપુનઃ આંતરિક પરામર્શન તે ઉત્તમોત્તમ જપ છે.

અહીં પુનઃ પુનઃ પરામર્શનના સદ્ભાવથી નાદના જે સતત આંદોલનો ઉત્પન્ન થાય છે, તે તાત્ત્વિક જપ છે.

બાળકોના ઉચ્ચારણમાં હ્રસ્વ, દીર્ઘ, પ્લુતાદિ
માત્રાઓનું ધ્યાન રાખવું જોઈએ.

ન દ્રુતમ્ - વર્ણોનો ગ્રાસ ન થવો જોઈએ.

ન વિલંબિતમ્ - એક વર્ણ અને બીજા વર્ણના
ઉચ્ચારણની વચ્ચે વધુ સમય ન થવો જોઈએ.

પ્રાણ સમમ્ - શ્વાસની સાથે
સમગ્ર મંત્ર સમાઈ જવો જોઈએ. આંતર્જલ્પરૂપ મનનથી આત્માનું રક્ષણ થાય છે, માટે તે 'મંત્ર' કહેવાય છે. પરતત્ત્વની પ્રાપ્તિનો ઉપાય હોવાથી તે પરમાત્મા જ છે.

પરમાત્મા જ ઉપેય (ધ્યેય) પદની જેમ
ઉપાયરૂપે (મંત્રરૂપે) સ્ફુરિત થયેલા છે.

એવી રીતે અભેદભાવને જ મંત્રનું 'પરમવીર્ય' કહેવાય છે. તે લક્ષ્યપ્રાપ્તિના પૂર્વસ્મરણ, વિચિન્તન, ધ્યાનાદિ અવસ્થા સાધનભૂત હોવાથી તેને પણ 'મંત્રવીર્ય' કહેવાય છે.

માતૃકાનો દરેક વર્ણ સંકેતથી નિરપેક્ષ છે,
તેથી વાચ્યાર્થરહિત છે.

સંકેતવાળા શબ્દોમાં શબ્દ અને અર્થનો વાચ્ય - વાચક સંબંધ છે, જ્યારે વર્ણોચ્ચારમાં વાચ્ય ન હોવાથી તે વાચક પણ નથી, તેથી કેવળ નાદનો જ અનુભવ થાય છે.

વર્ણનો આત્મા નાદ હોવાથી
તેના અનુસંધાન વડે સાધક સર્વ શ્રુતનો પારગામી થાય.

શ્રુતજ્ઞાનની પ્રાપ્તિ માટે સ્વાધ્યાયાદિ ઉપાયો છે, તેમ માતૃકાનું સંસ્મરણ પણ અનુપમ ઉપાય છે અને સરળ છે.

મંત્રો પણ માતૃકામાંથી જ ઉદ્ભૂત થયેલ છે, તેથી
મંત્રજપ પૂર્વે માતૃકા ન્યાસ અત્યંત જરૂરી છે.

સ્વરો પોતાની મેળે રાજતાં એટલે કે
સ્વાભાવિક નાદરૂપતાને પામતા હોવાથી 'સ્વરો' કહેવાય.
તે વાચ્ય - વાચક અને વ્યંજનાદિના આધાર છે.

સ્વરો પરમાત્મવાચક છે અને
વ્યંજનો પરમાત્મશક્તિના વાચક છે.

સ્વરોના ધ્યાનથી પરમાત્માની અને
વ્યંજનોના ધ્યાનથી પરમાત્મશક્તિની ઉપાસના થાય છે.
આત્માની જ્ઞાનશક્તિ તે જ 'માતૃકા' છે.
માતૃકાનો દરેક વર્ણ મંત્રાક્ષરરૂપ છે.
વર્ણો દેહના સ્થાને છે અને માતૃકા બ્રહ્મના સ્થાને છે,
કેમકે તે જ્ઞાનશક્તિના પ્રસારરૂપ છે.
માતૃકા જ્ઞાનશક્તિનું ઉન્મીલન કરનાર હોવાથી વૈખરી-
મધ્યમાદિ વર્ણોને પણ ઉપચારથી 'માતૃકા' કહેવાય છે.
માતૃકાનું શરીર વર્ણો હોવાથી તેને 'વર્ણતનુ' કહેવાય છે.
માતૃકા આત્માની પરમ જ્યોતિ છે.
તે માતાની જેમ બુદ્ધિમાન પુરુષોના જ્ઞાનમય તેજનું
જનન, પાલન અને વિશોધન કરનારી છે.
તેનું શરીર વર્ણો છે અને બ્રહ્મ જ્ઞાનનો પ્રકાશ છે.
બ્રહ્મવાયુના અભિઘાત માટે તાલુ આદિ સ્થાનોમાં
નિરુદ્ધ થયાં પછી કકારાદિ વર્ણતાને પામે, તે
વૈખરી-મધ્યમાનું ઉત્પાદન બુદ્ધિ અને સૂક્ષ્મ બ્રહ્મવૃત્તિ છે.

# ધ્યાનદીપિકાનો ક્રમ તથા લાભ

(૧) 'નમો અરિહંતાણં' પદનું ધ્યાન બ્રહ્મરંધ્રમાં કરવું.

(૨) પછી વિચારવું કે:

'આ નમસ્કાર હું ૩ યોગ, ૩ કરણ, ૭ ધાતુ, ૧૦ પ્રાણ, ૩।। ક્રોડ રોમ અને આત્માના અસંખ્ય પ્રદેશથી કરું છું.'

(૩) 'નમો અરિહંતાણં' પદમાં

મંગલ, ઉત્તમ અને શરણ - ત્રણેનો સંગ્રહ છે.

નમો = મંગલવાચક, અરિહં = ઉત્તમવાચક અને

તાણં = શરણવાચક છે.

(૪) મંગલ = જ્ઞાન, ઉત્તમ = દર્શન, શરણ = ચારિત્ર.

(૫) જ્ઞાનથી રાગદોષ જાય, દર્શનથી દ્વેષદોષ જાય અને ચારિત્રથી મોહદોષ જાય છે.

(૬) રાગના નાશથી વાતદોષ, દ્વેષના નાશથી પિત્તદોષ, મોહના નાશથી કફદોષ દૂર થાય છે. આમ પ્રથમ પદનું ધ્યાન ત્રિદોષનાશક - દ્રવ્યભાવ સ્વાસ્થ્યનું ઉત્પાદક છે. મંત્ર વડે મન, વચન અને પ્રાણની એકતા થાય છે.

## બે પ્રકારનું શરણાગમન

પ્રથમ Objectively : પંચ પરમેષ્ઠિઓનું શરણ, તેઓના શુદ્ધ આત્મસ્વરૂપનું શરણ તથા શુદ્ધ આત્મસ્વરૂપને પ્રાપ્ત કરવા માટેના તેઓના પુરૂષાર્થનું શરણ.

બીજું Subjectively : નિજ શુદ્ધ આત્મસ્વરૂપનું.

'નમો' બીજ છે. અરિહં, અરહં, અરૂહં એ અંકુર છે.
શુદ્ધ - બુદ્ધ - નિરંજન પદની પ્રાપ્તિ તે ફળ છે.
અરિહંપદથી દુષ્કૃતગર્હા, અરહંપદથી સુકૃતાનુમોદના અને તાહુંપદથી બાહ્ય - આંતર ઉભય શરણ ગ્રહણ થાય છે.

ગુરૂથી મંત્ર મળે છે, મંત્રથી દેવ ઓળખાય છે.
પછી મન, વચન અને પ્રાણ આ ત્રણે
દેવ - ગુરૂની ભક્તિમાં જોડાય છે.

મંત્રરૂપી મૂર્તિને ગ્રહણ કરી જાપ વખતે વિચારવું કે:
'દેવના પણ દેવ, સર્વજ્ઞ, સર્વવ્યાપી,
પરમ શાંત ભગવંત મારી સન્મુખ પ્રગટ થાય છે.
તેમની સાથે એકતાની અનુભૂતિ થાય છે.'

# પંચમંગલ - મહામંગલ

પંચમંગલ એ સર્વ મંગળોનું મૂળ છે,
તે સર્વ પાપવૃત્તિઓનું વિધ્વંસક છે.
પંચમંગલ રૂપી મહાગંગામાં સ્નાન કરનારના
મનોમળ નાશ પામે છે અને નિર્મળતા પ્રકટે છે.

સર્વ પાપોનું વિધ્વંસક, સર્વ મંગળોનું સર્જક અને સર્વ શરણોના શરણનું ઉત્પાદક હોવાથી પંચમંગલ આદરણીય છે.

પંચમંગલના આશ્રયે રહેનારને પાપ સ્પર્શી શકતું નથી, ધર્મ છોડી શકાતો નથી અને સર્વ પ્રકારના ભયોથી મુક્તિ પ્રાપ્ત થાય છે, તેથી તેને પાપવિમોચન, ધર્મવિરોચન અને ભયવિમોચનની ઉપમા ઘટે છે.

પાપ જવાથી કષાય ઉપશમે છે, ધર્મ આવવાથી વિષય-વાસના ટળે છે. શરણોનું શરણ થવાથી કર્મપંક શોષાય છે, ધોવાય છે, માટે પંચમંગલ એ 'તીર્થ' કહેવાય છે.

## યોગમાર્ગના અધિકારી કોણ?

અપુનર્બંધક, સમ્યગ્દૃષ્ટિ તથા દેશ - સર્વચારિત્રધર.

(૧) નમો વડે નિર્મળતા, જેનાથી દુષ્કૃતગર્હા થાય છે.
(૨) નમો વડે સ્થિરતા, જેનાથી સુકૃતાનુમોદન થાય છે.
(૩) નમો વડે તન્મયતા, જેનાથી શરણાગમન થાય છે.
જ્ઞાન વડે પૃથક્કરણ અર્થાત્ Analysis થાય છે.
ભક્તિ વડે એકીકરણ અર્થાત્ Synthesis થાય છે.
ચારિત્ર વડે એકતા અર્થાત્ Oneness થાય છે.

'નમો' પદમાં સંસાર પ્રત્યે જુગુપ્સા છે,
અનાત્મભાવ પ્રત્યે ઉપેક્ષા છે.
'નમો' પદમાં આત્મતત્ત્વ પ્રત્યે અભિરુચિ છે,
પરમાત્મતત્ત્વ પ્રત્યે ભક્તિ છે.
'નમો' પદમાં અરિહંતાદિનું શરણાગમન છે,
સમર્થના શરણ વડે પ્રાપ્ત થતો અનુગ્રહ છે.
'નમો' પદમાં ઉત્તમ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવનો સંયોગ છે.
'નમો' પદમાં મૂલોત્તર ગુણોનું સેવન છે.
'નમો' પદમાં સંવેગ - નિર્વેદાદિ ભાવો છે તથા
ધૃતિ - મતિ - સ્મૃતિ આદિ જ્ઞાનગુણોનો વિસ્તાર છે.

ધર્મની આદિમાં શુદ્ધ ચૈતન્યને નમવાનું છે અને
ધર્મના અંતમાં શુદ્ધ ચૈતન્યને પામવાનું છે.

નમસ્કારપૂર્વક અર્થ કરવાનું વિધાન છે, જેનું કારણ શુદ્ધ ચૈતન્યને પ્રાપ્ત કરવા માટે ધર્મકરણી છે, તે શુદ્ધ ચૈતન્યપ્રાપ્ત પુરુષોને નમવાથી અભિવ્યક્ત થાય છે. ધર્મનું ધ્યેય ચૈતન્યના શુદ્ધ સ્વરૂપને પ્રગટ કરવાનું છે. એ ધ્યેય સદાકાળ સ્મૃતિપથમાં રહી રહે, એ માટે પ્રથમ તેમને નમસ્કાર છે કે જેઓએ શુદ્ધ સ્વરૂપના નમસ્કાર તથા ધ્યાન વડે શુદ્ધ ચૈતન્યને પ્રાપ્ત કર્યું છે અને આદર્શ, ઉપદેશ અને આલંબનથી શુદ્ધ ચૈતન્યને પ્રાપ્ત કરવાના માર્ગને બતાવતાં પણ ગયાં છે. ધ્યેયની સ્મૃતિ માટે ધ્યેયને પ્રાપ્ત થયેલાને પ્રથમ નમસ્કાર કરવો ઉચિત છે. એ વિધાનનું પાલન કરનાર ધ્યેયની પ્રાપ્તિના માર્ગમાં અવિરતપણે વિકાસ માટે સહાય કરે છે.

સમત્વ ઇષ્ટ છે, માટે સમત્વવાનને નમસ્કાર છે.
સમત્વવાનને નમસ્કાર કરવાથી સમત્વ ઇષ્ટ લાગે છે.

# નમસ્કાર અને વ્યવહાર - નિશ્ચય

'શુદ્ધ ચૈતન્યને પામવાની અભિલાષા છે, માટે જ શુદ્ધ ચૈતન્યને પામેલા પરમેષ્ઠિઓને નમસ્કાર કરવાનો ભાવ થાય છે' એમ નિશ્ચય કહે છે. વ્યવહાર કહે છે કે: 'શુદ્ધ ચૈતન્યને નમસ્કાર કરવાથી તે સ્થિતિ મેળવવાનો ભાવ જાગે છે.' એક 'નમસ્કારથી ભાવ જાગે છે' એમ કહે છે, બીજો 'ભાવ જાગ્યો છે, માટે નમે છે' એમ કહે છે. સ્યાદ્વાદ ઉભય વસ્તુને માન્ય રાખે છે પણ તેનો ક્રમ પ્રથમ વ્યવહાર - પછી નિશ્ચય, એમ બતાવે છે. પ્રવૃત્તિમાં પ્રધાનતા વ્યવહારની છે, ફળમાં નિશ્ચયની છે. પ્રથમ નમસ્કાર અને પછી ભાવ - પ્રથમ ભાવ તથા પછી નમસ્કાર - એમાં નયવાદ છે. સ્યાદ્વાદ 'નમસ્કાર પહેલાં ભાવ' અને 'ભાવ પહેલાં નમસ્કાર' એમ ઉભય વાતને પોતપોતાના સ્થાને માન્ય રાખે છે. નમસ્કારથી અનુક્રમે કામ-ક્રોધ-લોભનો નાશ થાય છે.

'નમસ્કારનું ફળ વિરતિ - વિરમણ છે' અર્થાત્
પાપથી વિરામ પામવું અને ધર્મને વિષે રમણ કરવું અને
પાપથી વિરમવું, ધર્મમાં રમવું.

જીવો પ્રત્યે દ્વેષના પરિણામ જવા તથા સ્નેહના પરિણામ જાગવા - એ પંચ પરમેષ્ઠિ નમસ્કારનું પ્રધાન ફળ છે.

'નમો' એ પાંચ ઇંદ્રિય અને મનને દમવાનું સાધન છે. એ સાધન એવું છે કે તે વડે ક્ષમા અને સ્નેહ જાગે છે. 'નમો' વડે ઘણું આત્મદમન રાગ-દ્વેષનું શમન કરે છે અને મૈત્રી - કરૂણાને વિકસાવે છે. પંચ નમસ્કારનું અનંતર ફળ મિથ્યાત્વ, અજ્ઞાનાદિ પાપનો નાશ છે અને સમ્યગ્દર્શન - સમ્યગ્જ્ઞાન - સમ્યગ્ચારિત્રાદિનો લાભ છે.

દેવમાં દયા છે, ગુરૂમાં વાત્સલ્ય છે, ધર્મમાં કરૂણા છે.

ધર્મના મૂળમાં સમકીત છે અને તે દેવ - ગુરૂ - ધર્મને નમસ્કારરૂપ છે. નમસ્કાર કરવા માટે હૃદયની વિશાળતા,
મનની પવિત્રતા, વિચારોની નિર્મળતા,
આત્માની લઘુતા, વિનીતતા, સરળતાદિ આવશ્યક છે.

# નવકારના સ્મરણથી શું થાય?

એક બાજુ કર્મનો ઉદય થાય અને

બીજી બાજુ ધર્મનો લાભ - બન્ને એક સાથે થાય છે.
કર્મનું કારણ પાપ છે અને ધર્મનું કારણ પુણ્ય છે.
નવકાર સ્મરણમાં અઢારે પાપોનો ક્ષય કરવાનું અને નવે
પ્રકારના પુણ્યની વૃદ્ધિ કરવાનું સ્વાભાવિક સામર્થ્ય છે.
તેને પરમેષ્ઠિ ભગવંતોની સર્વોત્કૃષ્ટ કરુણા કારણ છે.
બધા જ મંત્રો પરમાત્માની ઉપાસના રૂપ છે. નવકારમાં
પરમાત્માના પાંચે પાંચ સ્વરૂપને નમસ્કાર છે, તેથી
બધા મંત્રોનું અને વિદ્યાઓનું બળ તે બને છે.
પ્રભુની કૃપા તો સર્વોત્કૃષ્ટ છે, માટે તે ઝીલવા ભક્તિ
પણ વિકસિત જોઈએ. ભક્તિને વિકસિત બનાવવા માટે
જીવરાશિ પ્રત્યેનો સ્નેહ પરિણામ વિકસાવવો જોઈએ.

'શ્રુતસાગરનો સાર નવકાર છે' અર્થાત્
નવકાર એ કૃતજ્ઞતા ગુણનું પાલન અને
આત્માના સ્વતંત્રતા ગુણની સિદ્ધિ છે.

# શ્રુતસાગરનો પાર નવકાર

શ્રુતસાગરનો સાર ભક્તિ છે અર્થાત ચૌદ પૂર્વનો સાર નવકાર છે. ચૌદ પૂર્વનો સાર કે શ્રુતસાગરનો પાર કહો - બન્ને એક જ વસ્તુ છે. જેણે નવકારને પ્રાપ્ત કર્યો છે, તે જ શ્રુતસાગરને પાર કરી શકે છે. શ્રુતસાગરનું સમગ્ર અવગાહન કરવા છતાં તેનું રહસ્ય પામવું અતિદુષ્કર છે, તે કારણે શાસ્ત્રકાર મહર્ષિઓએ માત્ર ૬૮ અક્ષરોમાં તેનો સાર-રહસ્ય કહી બતાવ્યું છે, તેનું ધ્યાન ધરતાં કરીને જે શ્રુતસાગરમાં પ્રવેશ કરે છે, તે તેના રહસ્યને મેળવી શકે છે.

આ પંચ નમસ્કાર પ્રતિપાદન કરે છે કે:

'સંસાર એ પાપમય હોવાથી હેય છે, મોક્ષ મંગળમય હોવાથી ઉપાદેય છે' એ રહસ્યને તે ટૂંકમાં સમજાવે છે, તે કારણે 'જેઓ સંસારના પારને પામ્યા છે અને પામવાની અણી ઉપર છે, તેઓ નમનીય છે તથા તે શિવપથનું જ્ઞાન રમણીય છે'

ધર્મમાત્રનું ધ્યેય સ્મરણપથમાં રહે,
તે માટે ધર્મના પ્રારંભમાં પંચ પરમેષ્ઠિનું
બહુમાનપૂર્વક સ્મરણ કરવું આવશ્યક છે.
ધર્મના આદિપ્રકાશક અને આદિપ્રવર્તક હોવાથી તેમને
નમસ્કાર વ્યવહારનયના કૃતજ્ઞતા ગુણને દૃઢ કરે છે
અને ધર્મનું ઉત્કૃષ્ટ ફળ મેળવનાર હોવાથી તેમને
નમસ્કાર નિશ્ચયનયના સ્વતંત્રતા ગુણને વિકસાવે છે.
બધા મહામંત્રો અને પ્રવર વિદ્યાઓમાં
બીજરૂપે આ નમસ્કાર મહામંત્ર અનુસ્યૂત છે.
કહ્યું છે કે: 'પવર મંત વિજ્જાબીઅભૂઅં |'
સર્વ સૂત્રોમાં અક્ષરો પરિમિત છે પણ
ગમ અને પર્યાયો અનંત છે.
નવકાર પણ સૂત્ર છે અને સર્વ સૂત્રોના પ્રારંભમાં
તેનો પાઠ કરવામાં આવે છે, માટે તેને અનંતગમ અને
પર્યાયરૂપી અર્થનો પ્રકૃષ્ટ સાધક કહ્યો છે. નવકાર પ્રવર
પ્રવચન દેવતા ત્રિભુવન સ્વામિની વડે અધિષ્ઠિત છે.

## નમસ્કારમાં અવસ્થિત ચાર વર્ણોના ગુણ

બ્રાહ્મણો બ્રહ્મતેજથી, ક્ષત્રિયો ક્ષાત્રવટથી,
વૈશ્યો ધનના દાનથી અને શુદ્રો સેવાવ્રતથી શોભે છે.
નમસ્કારમાં બ્રાહ્મણોનું બ્રહ્મતેજ, ક્ષત્રિયોની પરાર્થવૃત્તિ,
વૈશ્યોની ઉદાર નીતિ, શુદ્રોનું સેવાવ્રત સાર્થક થાય છે.

આપત્તિમાં ભગવાનનું સ્મરણ કરવું,
સંપત્તિમાં સર્વસ્વનું દાન કરવું. સંગ્રહથી વિગ્રહ વધે છે.

ધન જેવું શુદ્ધ હોતું નથી, તેથી
તેનો પાંચમો ભાગ તો દાનમાં જવો જ જોઈએ.
નીતિનું ધન મહાલક્ષ્મી અને અનીતિનું ધન અલક્ષ્મી છે.

નમસ્કાર એ સ્વીકારના અર્થમાં છે.
'સ્વીકારવું' એટલે પોતાનું કરવું. લોહી જેને પણ
સ્વીકારે છે, તેને તે સ્વતંત્ર વસ્તુ તરીકે રહેવા દેતી નથી.
વસ્તુ એકમ થવી = જે ઘરમાં ગઈ, તે ઘરરૂપ જ બને તે.
લોહી જેનો વિરોધ કરે છે, તેવી વિજાતીય વસ્તુને
બહાર ફેંકી દે છે અને તેને કદી યાદ પણ કરતી નથી.

# શ્રાવકોને એક ખાસ માર્ગદર્શન

શ્રાવકોને નમસ્કારાદિ ધ્યાન પણ શ્રાવકોચિત બતાવ્યું
ધર્મક્રિયાઓને બાધ ન પહોંચે, તે રીતે કરવાનું કહ્યું છે.
જ્ઞાન અને વિવેકવાળી અવસ્થા જ મનુષ્યપણું છે.

'નમો' પદનો અર્થ છે કે:

પોતાની ખામીનો અને બીજાની ખૂબીનો સ્વીકાર.

નામસ્મરણાદિ નવ કોટિએ કરવો.

પરમાત્માનું નામ અને કથન ભક્તિવર્ધન છે,
પરમાત્માના સતત ચિન્તન અને
કીર્તનથી પરમાત્માનો યોગ થાય છે.

નવકાર મહામંત્ર દ્વારા નામરસ જેણે જેણે પીધો છે,
તે પ્રત્યેક માનવી મહામાનવની પદવીને પામે છે.

નામરસ એકવાર પીધા પછી એનો અમલ જતો નથી.
માનવીને તે સદા ય આનંદરસમાં મગ્ન રાખે છે.
બીજાને અનર્ગળ ધારે પાવો, તો પણ
તે ખૂટે તેમ નથી, એ એની અદ્‌ભુત વિશિષ્ટતા છે.

# મંગલમય નવકાર

મંગલમય સમરો નવકાર, એ છે ચૌદ પૂરવનો સાર,
જેના મહિમાનો નહિ પાર, ભવજલધિ તારણહાર. ...(૧)
અરિહંત શાસનના શણગાર, સિદ્ધ અનંતા સુખ દેનાર,
સૂરિ પાઠક મુનિ ગુરૂ મનોહર, છે પાંચે પરમેષ્ઠિ ઉદાર. ...(૨)
સતી શિરોમણી શ્રીમતી નાર, મન શુદ્ધે ગણતી નવકાર,
તેનું દુઃખ હરવા તત્કાલ, ફણધર ફીટી થઈ ફૂલમાલ. ...(૩)
સમડીને મરતાં નવકાર, દઈ મુનિએ કીધો ઉપકાર,
રાજપુત્રી થઈ કર્યો ઉદ્ધાર, સુદર્શનાએ સમડી વિહાર. ...(૪)
કમઠ કાષ્ઠમાં બળતો નાગ, દેખે પ્રભુ પાર્શ્વકુમાર,
સેવક મુખ દીધો નવકાર, ઈન્દ્ર થયો તે નાગકુમાર. ...(૫)
અમરકુમાર જપતાં નવકાર, મહાકષ્ટથી થયો ઉદ્ધાર,
રાજા તેના પ્રણમે પાય, નવકારમંત્રનો મહિમા અપાર. ...(૬)
પાપપ્રણાશક આ નવકાર, મહામંગલ છે આ નવકાર,
વિઘ્નવિદારક આ નવકાર, શિવસુખદાયક આ નવકાર.
મંગલમય સમરો નવકાર. ...(૭)

## નવકારનું ગીત

હે નવકાર, મને તુંહિ જ પ્યારો, તું ઘણો પ્યારો.
કરું રટણ દિન - રાત, રટણાં કરું હું દિન - રાત.

તારા પ્રભાવે આધિ ન આવે, મુસીબત દૂર ટળી જાવે,
જપે છે તારા નામની જે માળા, સુખ લહે દિન - રાત.
...(૧)

રોમે રોમે તું વાસ કર, આધાર મુજને શરણાં છે તારાં,
તને છોડી મારે ક્યાં જવું વ્હાલા? ઝાલી લે ને મુજ હાથ.
...(૨)

આવ્યા જે તારે શરણે, નહિ પડ્યાં તે દુઃખને ઉકરડે,
શ્રદ્ધાની એક જ્યોત લઈ આજે, આવ્યો છું તારે દ્વાર.
...(૩)

તારા શરણાની છે બલિહારી, પાપીને પણ પાવનકારી,
સુરનર - મુનિવર ભાવ ધરીને, ધરે તારું જ ધ્યાન.
...(૪)



નવકાર મહામંત્રના જાપ પછી પોતાની ક્ષુદ્રતા, લઘુતા, તુચ્છતા, હીનતાનાં દર્શન થાય છે અને પરમ તત્ત્વની મહત્તા, ભવ્યતા, ઉચ્ચતા, ગુરૂતા અને ભદ્રતાના દર્શન થાય છે.




નવકાર મહામંત્રનો આરાધક દુ:ખમાં દીન અને સુખમાં લીન બનતો નથી. મહામંત્રની સાધના લાગુ પડી જાય પછી પોતાના દુ:ખ કરતાં બીજાનાં દુ:ખ વધુ ખટકે અને પોતાના સુખ કરતાં જીવ બીજાને વધુ સુખ ઈચ્છે.

www.fiestadesigns.in